**સુવિચાર**

સીક્કો કાયમ અવાજ કરે છે, જ્યારે નોટ શાંત રહે છે... ટૂંકમાં જ્યારે મૂલ્ય વધે ત્યારે ઠંડુ રહેવામાં જ સાર છે !

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૦૫/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com


સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૧ વૈશાખ સુદ–૪ વર્ષ : ૧૬ અંક : ૧૧૯


## યુવા ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયા ગ્રાન્ટ મંજૂર કરાવવામાં બન્યા નંબર વન

# આનંદો : અમરેલીમાં ૧૨ કરોડનાં ખર્ચે વિકાસકાર્યોનો થશે પ્રારંભ

**શહેરનાં રોકડીયા સરોવરને અમૃત સરોવર બનાવી મીની રીવર ફ્રન્ટ બનાવી દેવાશે**

**રીવર ફ્રન્ટ માટે રૂપિયા ૬૩૦ લાખ જેવી અધધ રકમ મંજૂર કરાઈ**

**પાણીની પાઈપલાઈન, પમ્પ હાઉસ, સીસી રોડ સહિતનાં કામો માટે રૂપિયા ૧૯૪ લાખ મંજૂર**

**આવતીકાલ શુક્રવારે સવારે ૯ કલાકે કરોડો રૂપિયાનાં વિકાસકાર્યોનો થશે શુભારંભ**




અમરેલી, તા. ૩૦

આઝાદીનાં ૭૮ વર્ષમાં સૌપ્રથમ વખત અમરેલીનાં આ ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયા અમરેલી પંથકનાં વિકાસ માટે સૌથી વધુ રકમ રાજય સરકાર પાસેથી મંજૂર કરાવવામાં સફળ રહૃાા છે અને દિનપ્રતિદિન તેઓ સરકારની તિજોરીમાંથી કરોડો રૂપિયાની ગ્રાન્ટ મેળવી રહૃાા છે.

અમરેલીમાં ઓવરબ્રીજ બનાવવા, રાજમહેલનું રીનોવેશન હોય કે બસ પોર્ટ સહિતનાં વિકાસ કાર્યો માટે ગ્રાન્ટ મંજૂર કરાવ્યા બાદ તેઓ વધુ ૧૧૯૩ લાખ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરાવીને ઈતિહાસ સર્જી દીધો છે.

અમરેલી શહેરનાં રોકડીયા સરોવરને અમૃત સરોવર બનાવી મીની રીવરફ્રન્ટ તરીકે ડેવલપ કરવાની કામગીરી માટે રૂપિયા ૬૩૦ લાખ, અમરેલી શહેરમાં અલગ–અલગ વિસ્તારોમાં ડી.આઈ. પાઈપલાઈન, સીસી રોડ, પમ્પ હાઉસ રીનોવેશન તથા અંડરગ્રાઉન્ડ સમ્પની કામગીરી માટે રૂપિયા ૧૯૪ લાખ, શહેરનાં અલગ– અલગ વિસ્તારમાં ટોઈલેટ બ્લોક માટે રૂપિયા ૧૪૦ લાખ, ભોજલપરા પ્રાથમિક શાળા પાસે પસાર થતાં એપ્રોચ રોડને આઈકોનીક રોડ બનાવવા માટે રૂપિયા ૧૦૪ લાખ મંજૂર કરવામાં આવ્યા છે.

ઉપરોકત તમામ વિકાસ કાર્યોનો પ્રારંભ ૨ મે ને શુક્રવારનાં રોજ નાયબ દંડક કૌશિક વેકરિયાનાં વરદહસ્તે સવારે ૯ કલાકે કેરિયા રોડ, કૈલાસ મુકિતધામ ખાતે થશે. સમગ્ર શહેરીજનોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવેલ છે.


**૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ**
**85,600/-** (૧૦ ગ્રામ)
રહેલ તા. ૩૦/૦૪/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
**બાલમુકુંદ** જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬





## અમરેલી જિલ્લામાં દિ'ઉગેને માર્ગ અકસ્માતની ઘટના સામે આવી રહી છે

# ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે ઉપર હિંડોરણાના પુલ ઉપર પાર્ક કરેલ ટ્રકની પાછળ કાર ટકરાઈ

**કારમાં સવાર અરજણભાઈ મોરીનું ઘટના સ્થળે જ મોત : ૩ વ્યકિતને ઈજા**



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૩૦

રાજુલા નજીક ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે પર હિંડોરણાના પુલ પર મોડીરાત્રે એક ગંભીર અકસ્માત સર્જાયો. હિંડોરણા બ્રિજ પાસે ગેરકાયદેસર રીતે પાર્ક કરેલા ટ્રક પાછળ એક કાર ધડાકાભેર અથડાઈ હતી.


**અનુસંધાન પાના ૬ ઉપર**










## પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડનાં વરદ્હસ્તે

# વડિયા ખાતે રાજવી પરિવાર સ્થાપિત શ્રી રામ મંદિરનાં જીર્ણોધ્ધારનો પ્રારંભ

**આજુબાજુનાં ૪૫ ગામોનાં રામજી મંદિરનાં પૂજારીઓ, સાધુ-સંતો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા**

**રાજવીશ્રી સુરગવાળા સાહેબનાં સમયમાં ૧૫૦ વર્ષ પહેલા બંધાયુ હતું આ મંદિર**

**જીર્ણોધ્ધારનાં પ્રારંભે સમગ્ર પંથકમાં ''જયશ્રી રામ''નો નાદ ગુંજી ઉઠયો**

**કાર્યક્રમને સફળ બનાવવા સરપંચ સહિતની ટીમે ભારે જહેમત ઉઠાવી**



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૩૦

ભારતમાં સનાતન હિન્દુ ધર્મમાં મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામ ભગવાન અને અયોધ્યા નગરી એ મહત્વનુ સ્થાન ધરાવે છે. ભારતમાં ભગવાન શ્રી રામની અયોધ્યા નગરીમાં ભવ્ય રામ મંદિર નિર્માણ પામતા સમગ્ર દેશનો માહોલ રામમય બનતો જોવા મળ્યો છે. અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયાએ ભૂતકાળમાં આઝાદી પહેલા રજવાડાનુ વડિયા રાજય હતુ તેના રાજવી શ્રી સુરગવાળા સાહેબ અને તેના પૂર્વજો હતા તે સનાતન હિન્દુ ધર્મમાં અપાર આસ્થા ધરાવતા હોવાથી તેમના ધ્વારા તે સમયે ભગવાન શ્રી કૃષ્ણની હવેલી, શ્રી રામ મંદિર, શ્રી શંકર ભગવાનનું ધુધલીમલ મહાદેવ મંદિર, શ્રી સુરગેર મહાદેવ મંદિર બંધાવ્યા હતા સાથે હિન્દુ ધર્મના લોકોને માંસાહાર સ્વીકાર્ય ના હોવાથી તેને ગુનો ગણી માસ મટન વેચનાર અને ખાનાર સામે સજા રૂપી જોગવાઈ હતી.

જયારે એક રૂપિયો આજના એક લાખથી પણ ઉંચા મૂલ્યનો હતો. ત્યારે વડિયા રાજયમાં માશાહાર અને દારૂબંધી પર પ્રતિબંધ લાદીને માંશાહાર અને દારૂ પર રૂપિયા ૨૦૦ ના દંડની જોગવાઈ હતી. એ સમયે શિક્ષણ માટે પણ ૧૯૫૪માં રાજવી શ્રી સુરગવાળા સાહેબે હાઈસ્કૂલનુ નિર્માણ કર્યુ હતું જે અનેક સંઘર્ષ પછી પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઉંઘાડના પ્રયત્નથી ફરી શ્રી સુરગવાળા સાર્વજનિક હાઈસ્કૂલ નામ આપી તેનું નવીનીકરણ કરાયું છે. એટલે વડિયા રાજાશાહી સમયનું એક સનાતની રાજય હોવાથી વડિયામાં સનાતની લોકો માટે હવેલી અને શ્રી રામ મંદિરનુ નિર્માણ ૧૫૦ વર્ષ પહેલા કરવામાં આવ્યુ હતુ. આ બંને મંદિરો જર્જરિત થતા હવેલીના જીર્ણોધ્ધાર બાદ વડિયા વાસીઓના ઉદાર દાનથી ભવ્ય શ્રી રામ મંદિરના નિર્માણ માટે વડિયા તાલુકાના ૪૬ ગામના રામજી મંદિરના પૂજારીઓ, સાધુ–સંતો, ગ્રામજનોની હાજરીમાં પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઉંઘાડ દ્વારા શાસ્ત્રોક વિધિ સાથે ભુમીપુજન કરી આજે ખાતમુર્હત કરવામાં આવ્યુ હતુ.

આ તકે સમગ્ર પૂજાવિધિ પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઉંઘાડ અને તેમના પરિવારજનો દ્વારા કરવામાં આવી હતી. ખાતમુર્હુત સમયે જય શ્રી રામના નારા સાથે સમગ્ર વિસ્તાર ગુંજતો જોવા મળ્યો હતો. આ કાર્યક્રમમાં પરબ ધામથી જીગાબાપુ, જીથુડી હનુમાનજીથી મોટાબાપુ, બિલેર મંદિરથી વિભૂતિનાથ બાપુ, કંથડનાથજીથી જીતુનાથજી બાપુ સહિત સમગ્ર તાલુકાભરના ગામડાઓમાંથી રામજી મંદિરના પૂજારીઓ, સ્થાનિક રાજકીય, સામાજિક આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.


આ કાર્યક્રમમાં પ્રસાદી સાથે ઉપસ્થિત તમામ સંતો, પૂજારીશ્રીઓને ભગવાન શ્રી રામનો ફોટો અને ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઉંઘાડ દ્વારા જણાવાયું હતુ કે સનાતન હિન્દુ ધર્મના આસ્થાના પ્રતીક સમા રાજાશાહી સમયના વડિયાના રામજી મંદિરનો જીર્ણોદ્ધાર માટે ભૂમિપૂજન અને ખાતમુર્હુત આજે અખાત્રીજના પાવન દિવસે કરવાનુ સૌભાગ્ય તેના પરિવારને પ્રાપ્ત થતા ખુશી વ્યકત કરી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા વડિયા સરપંચ મનીષ ઢોલરીયા અને ગામના યુવાઓની ટીમે જહેમત ઉઠાવી સમગ્ર કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

---

### અખાત્રીજનાં આથમણા પવનનો વર્તારો

# ગુડ ન્યુઝ : નેઋત્યમાંથી પવન ન ફુંકાતા સારા ચોમાસાનાં એંધાણ

**વનરાજી ખીલી ઉઠે તેવો થયો વર્તારો**




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૩૦

આજે અખાત્રીજના દિવસે વહેલી સવારે પવન કઈ બાજુથી વાય છે ? તે જાણવા અભ્યાસુઓ તથા ધરતીપુત્રો સૌ કોઈમાં ઈંતેજારી હતી જે વહેલી સવારના ત્રણ વાગ્યા થી છ વાગ્યા સુધી મોટાભાગે આથમણી દિશાના પવન વાતા વનરાજી ખીલી ઊઠે સાથે સારા ચોમાસાનો વર્તારો આપ્યો હતો.

વિગત અનુસાર ધરતીપુત્રો માટે વર્ષોથી અખાત્રીજના પવનનું ખૂબ જ મહત્વ રહ્યું છે. આ વર્ષે અખાત્રીજની વહેલી સવારે ૩ વાગ્યાથી સૌ પ્રથમ પવન પશ્ચિમ તરફથી વાયને પૂર્વ તરફ ગયો હતો. તેમન નૈઋત્ય દિશામાંથી આવતા પવનનું પ્રમાણ ઓછું રહેતા ચોમાસાની શરૂઆત સારી અને સાર્વત્રિક રીતે થાય તેવી શકયતા વર્તાઈ હતી. આથમણે પવન વાતા ''વનરાજી ખીલી ઉઠે'' અને નૈઋત્ય દિશામાંથી ઓછી ફણગીઓ આવતા આગામી ચોમાસુ સારૂ રહે તેવો વરતારો થાય વચ્ચે વાયવ્ય દિશામાંથી પણ પવન શરૂ રહેતા આ વર્ષનું ચોમાસુ ખૂબ સારું રહેશે તેવું જાણકારી માની રહ્યા છે. આ વર્ષે તમામ ચૈત્રી દનૈયા સારી રીતે તપતા ચોમાસાની શરૂઆતમાં જ સર્વત્ર વાવણી લાયક વરસાદ પડી શકે છે. બગસરાથી દર્શન ઠાકરના જણાવ્યા અનુસાર આ વર્ષે ઈન્ડિયન ઓશન ડાયપોલ (આય.ઓ.ડી)ની સ્થિત પણ સારી જોવા મળી રહી છે. તેમજ વરસાદના શરૂઆતના પાંચ નક્ષત્રો પણ સારો છે તેમજ હોળીની જાળ તથા ચૈત્રી દનૈયા દરમિયાન તાપ તેમજ રોહિણી નક્ષત્રમાં આવેલ આજના અખાત્રીજના પવનના વરતારોને કારણે એકંદર આવનાર ચોમાસું સારુ રહેવાની શકયતા જાણકારો માની રહ્યા છે. હવામાન વિભાગ ધ્વારા પણ સારા ચોમાસાની શકયતા દર્શાવવામાં આવેલ છે ત્યારે પાક અને પાણીની સ્થિતિ સારી રહે તેવી શ્રદ્ધા રાખીએ.

---

### ધારાસભ્ય મહેશ કસવાલાની જહેમતથી વિકાસકાર્યોનો ધમધમાટ

# ભૈ વાહ : સાવરકુંડલાનાં જીરા–આંબા વચ્ચે શેત્રુંજી નદી ઉપર રૂપિયા ૬ કરોડનાં વિકાસકાર્યોનું થયુ ભૂમિપૂજન

**સમગ્ર પંથકનાં ગામજનોમાં ભૂમિપૂજન કાર્યથી ખુશીનો માહોલ**



સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા તાલુકાના જીરા અને લીલીયા તાલુકાના આંબા ગામને જોડતા શેત્રુંજી નદી ઉપર ૬ કરોડના ખર્ચે બનનાર બ્રિજનું આજ રોજ ધારાસભ્ય કસવાલાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. ખાતમુહૂર્ત પ્રસંગે ધારાસભ્ય કસવાલાએ જણાવ્યું હતું કે, 'સાવરકુંડલા તેમજ લીલીયા તાલુકાનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરીએ.' આ બ્રિજના નિર્માણથી ગ્રામ્ય વિસ્તારના લોકો માટે અવરજવર વધુ સરળ બનશે, ખાસ કરીને ખેતી, વેપાર, આરોગ્ય સેવા અને શિક્ષણ ક્ષેત્રે લોકોને ગતિશીલતા મળશે. બંને તાલુકાના લોકો વચ્ચેના દૈનિક વાણિજય અને સામાજિક વ્યવહારોમાં પણ મહત્વપૂર્ણ વધારાની શક્યતા છે. આ બ્રિજના નિર્માણથી ખાસ કરીને કૃષિ આધારિત પરિવારોને બજારમાં સરળ પ્રવેશ મળશે અને ગામડાઓ વચ્ચેના વ્યાપાર વ્યવહારો વધુ સક્ષમ બનશે તેમજ ચોમાસા દરમિયાન નદીમાં પાણી ભરાઈ જવાને કારણે લોકોને પડતી મુશ્કેલીઓનો અંત આવશે. આ ઉપરાંત, ખેડૂતોને પણ પોતાના ખેતરોમાં જવા–આવવા માટે સરળતા રહેશે.

આ પ્રસંગે સાવરકુંડલા તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, લીલીયા તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ કાનજીભાઈ નાકરાણી, જીલ્લા પંચાયતના સિંચાઈ સમિતિ ચેરમેન લાલભાઈ મોર, સદસ્ય રાહુલભાઈ રાદડિયા, તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરીયા, લિલિયા તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશભાઈ સાવજ, સાવરકુંડલા તાલુકા ભાજપ મહામંત્રી મુકેશભાઈ આદ્રોજા, મંત્રી મહેશભાઈ ભાલાળા, જયેશભાઈ મહેતા, જીરા સરપંચ દક્ષાબેન ધર્મેશભાઈ ચોડવડિયા, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ જીવનલાલ વેકરીયા, તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ પ્રતિનિધિ લલીતભાઈ બાલધા તથા તાલુકા ભાજપના તમામ હોદેદારઓ તથા સ્થાનિક ગામોના, તેમજ ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી. બધાએ સરકારના વિકાસલક્ષી અભિગમ અને ધારાસભ્યના પ્રયત્નોને વખાણી હતી. સ્થાનિક નાગરિકો અને આગેવાનોની હાજરીમાં આ કાર્યક્રમ ઉજવાયો હતો અને સર્વે લોકોએ જિલ્લા અને રાજય સરકારના આ પ્રયાસોની સરાહના કરી. તેવુ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

---

### દેશભરમાં કાશ્મીરનાં આંતકવાદી હુમલાને લઈને શોક હોય ત્યારે

# જાફરાબાદની નર્મદા સિમેન્ટ કંપનીમાં યોજાયેલ જમણવાર અને જલ્સાના કાર્યક્રમ સામે આક્રોશ

**કોંગી અગ્રણી ટીકુભાઈ વરૂએ નારાજગી વ્યકત કરી**

અમરેલી, તા. ૩૦

તાજેતરમાં જમ્મુ–કાશ્મીરના પેહલગામ વિસ્તારમાં થયેલા ઘાતક આતંકી હુમલામાં અનેક નિર્દોષ નાગરિકો અને દેશના વીર જવાનો ઈ દેશના 'સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં ભવ્ય જમણવાર અને જલસાની સાથે જાફરાબાદ ના અમુક આગેવાની ઉપસ્થિતિ પણ જોવા મળી. વિશેષરૂપે, આ કાર્યક્રમમાં અમુક આગેવાની ઉપસ્થિતિ પણ નોંધાઈ હતી, જે ઘટનાને વધુ દુ:ખદ અને નિંદનીય છે. જયારે રાષ્ટ્ર શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે ત્યારે આવા ઉજવણીના કાર્યક્રમો યોજવા રાજકીય શાખાને પણ પ્રશ્નચિહ્ન લગાવાય છે.



કોંગ્રેસ અગ્રણી ટીકુભાઈ વઢએ આ મુદ્દે ઉગ્ર નિવેદન આપતાં જણાવ્યું કે જાફરાબાદ નર્મદા કંપનીએ મોતનો મલાજો પણ ન જાળવી શકી દેશના શહીદો પ્રત્યે નમન કરવાને બદલે જમણવાર અને હાસ્યપ્રમોદથી ભરેલા કાર્યક્રમોનું આયોજન કરવું અસંવેદનશીલતા અને રાષ્ટ્રીય ભાવનાઓનું ઘોર અપમાન છે. હું અને મારી કોગ્રેસ પાર્ટી આ ઘટનાની તીવ્ર નિંદા કરીએ છીએ અને આવનારા સમયમાં વધુ જવાબદારીભર્યું વર્તન દાખવવાની તમામ સંસ્થાઓ અને રાજકીય પક્ષોને અપીલ કરીએ છીએ.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ તથા જિલ્લા કક્ષાએ પણ આ કૃત્યનો ભારે વિરોધ નોંધાવવામાં આવ્યો છે અને દેશભક નાગરિકોને શહીદોની યાદમાં શોકપ્રસ્તુત કાર્યક્રમો યોજવા અને આવાં અસંવેદનશીલ કાર્યક્રમોનો બહિષ્કાર કરવાની અપીલ કોંગ્રેસ અગ્રણી દ્વારા કરવામાં આવી છે.

---

# બાબરા ભાજપ મહામંત્રીનાં આંગણે 'મન કી બાત'નું શ્રવણ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩૦

બાબરામાં વોર્ડ નંબર ૧માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મન કી બાતનો કાર્યક્રમ ગત રવિવારના રોજ અહી રામનગર વિસ્તારમાં યોજાયો હતો. શહેર ભાજપના નવ નિયુકત મહામંત્રી જગદીશભાઈ વાવડીયાના અધ્યક્ષસ્થાને આયોજિત પ્રધાનમંત્રીના મન કી બાતના કાર્યક્રમમાં શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, તાલુકા ભાજપના અગ્રણી અજિતભાઈ ખોખરીયા, બુથ ઈન્ચાર્જ ધર્મેશભાઈ વાવડીયા એપી વાળા સહિતના શહેરના સ્થાનિક અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રેડીયો પર મન કી બાતનું શ્રવણ કર્યુ હતું.

---

### સાસંદ અને નાયબ દંડકની ઉપસ્થિતિમાં

# કુંકાવાવનાં અમરાપુર (ધાનાણી) ગામે વતનપ્રેમી દાતા દ્વારા તળાવ બનાવવા ભુમિદાન કરાયુ

**જળસંગ્રહનાં હેતુસર કિંમતી જમીન અર્પણ કરાઈ**



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવ, તા. ૩૦

કુંકાવાવ પાસેના અમરાપુર ધાનાણી ખાતે ગામના રતન સેવા ઉદ્યોગપતિ દાતા પરશોતમ ગેવરીયા (દાસભાઈ) તથા માવજીભાઈ ભીમાણી દ્વારા ગામમાં તળાવ બનાવવા માટે ડોઢ વિઘા જમીન ખરીદી કાઢીને તળાવનું નીમાણ કરવા માટેની જાહેરાત થતા બાજુમાં જમીન ધરાવતા ચીમનભાઈ ગેવરીયા દ્વારા પોતાની અઢી વિઘા જમીન આ તળાવ બનાવવા માટે ઉપયોગ કરવા માટેની જાહેરાત કરાતા સૌ કોઈએ આવકારી અભિનંદન આપ્યા હતા. આમ ગામ માટે રૂપીયા ૧૫ લાખના ખર્ચે નવુ તળાવ બનાવવામાં આવશે. આ તળાવનું ખાતમુર્હુત પ્રસંગે સાસંદ ભરતભાઈ સુતરીયા તથા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા તથા દાતાની હાજરીમાં ખાતમુર્હત ગામના આગેવાનોની હાજરીમાં યોજાયું હતું. જેમાં ઉત્સાહભેર ગ્રામજનો જોડાયા હતા. આમ વતનપ્રેમી દાતાઓ દ્વારા ગામના વિકાસમાં જવા આર્થીક જરૂર હોય ત્યાં યોગદાન આપવામાં કાયમ અગ્રેસર રહેતા દાતાનું ભાવભીનું સન્માન કરીને વતનનું ઋણ અદા કરતા વતન પ્રેમીને વધાવ્યા હતા.

## શહેરનાં ૧ હજાર સીનિયર સિટીઝનોને યાત્રા કરાવવાનાં સંકલ્પનાં પ્રથમ ચરણરૂપે

# અમરેલીમાં અનુકંપા ફાઉન્ડેશન દ્વારા સૌપ્રથમ તીર્થયાત્રાનો પ્રારંભ

**બસમાં જતા બધા જ નાનુ-મોટુ કોઈ વ્રત રાખશે તો તે પ્રવાસ નહી તીર્થયાત્રા બની રહેશે : રૂપાલા**

**સેવાકાર્ય કરતાં અનુકંપા ફાઉન્ડેશનનાં ટ્રસ્ટીઓ અને ટીમને શુભેચ્છા પાઠવતાં દિલીપ સંઘાણી**

**અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયા, ડો. એસ.આર. દવે, મયુર ગજેરા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા**

**ફાઉન્ડેશનનાં સ્થાપક ડો. કાનાબાર, કમલેશભાઈ ગરણીયા, ચેતન રાવળ સહિતે ભારે જહેમત ઉઠાવી**



અમરેલી, તા. ૩૦

અમરેલીના અનુકંપા ફાઉન્ડેશના દ્વારા કુલ–૧૦૦૦ સીનીયર સીટીઝનોના તુલશીશ્યામ, સોમનાથ, પોરબંદર, દ્વારકા, વીરપુરની યાત્રા કરાવવાના સંકલ્પના પ્રથમ ચરણરૂપે તા. ૨૮ના સોમવારે, સવારે૮:૩૦ કલાકે અમરેલીથી ૫૦ યાત્રિકો સાથેની પ્રથમ બસે પ્રસ્થાન કર્યુ હતું. આ બસને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી તથા રાજકોટના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પરશોત્તમભાઈ રૂપાલાએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, બાળરોગ નિષ્ણાંત ડો. એસ.આર. દવે, રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રફુલ્લભાઈ બાટવીયા, ઓકસફર્ડ સ્કુલના મયુરભાઈ ગજેરા, ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓ સર્વે મધુભાઈ આજુગીયા, કમલેશભાઈ ગરાણીયા, ચેતનભાઈ રાવળ તથા યોગેશભાઈ કોટેચા, ટોમભાઈ અગ્રાાવત, મુસ્તાકભાઈ તેલી, પેન્ટર ડી.જી. મહેતા, જગદિશભાઈ જોષી ઉપસ્થિત રહયા હતા.

પ્રસ્થાનના આ કાર્યક્રમમાં ફાઉન્ડેશનના પ્રેસીડેન્ટ ડો. ભરત કાનાબારે સંસ્થા દ્વારા ઓછામાં ઓછા ૧૦૦૦ વડીલોને આ યાત્રા કરાવવાના સંકલ્પની માહિતિ આપતાં જણાવ્યું હતું કે, ફાઉન્ડેશન દ્વારા દર મહિને સીનીયર સીટીઝનોની એક બસ રવાના થશે. આ તીર્થયાત્રા તદન વિનામૂલ્યે કરાવવામાં આવશે અને જ્ઞાતિ–જાતિના ભેદભાવ વગર ૬૦ વર્ષથી વધુ ઉંમરની કોઈપણ વ્યકિત આ યાત્રામાં જોડાય શકશે. પ્રાસંગીક ઉદ્‌બોધનમાં પરશોત્તમભાઈ રૂપાલાએ યાત્રામાં જનારને આ યાત્રાનો આધ્યાત્મિક લાભ થાય તે માટેની કેટલીક ટીપ્સ આપી હતી. ગુજરાત સરકારની શ્રવણ તીર્થ યોજના અંતર્ગત સંસ્થાને આંશિક આર્થિક અનુદાન મળેલ છે તેનો ઉલ્લેખ કરતાં કહેલું કે જો શ્રવણે તેના વૃદ્ધ માતા–પિતાને યાત્રા કરાવી ન હોત તો રામાયણનું સર્જન ન થયું હોત અને આપણને "રામ" મળ્યા ના હોત.

ઈફકોના ચેરમેન દિલીપભાઈએ અનુકંપા ફાઉન્ડેશનની પ્રવૃત્તિને બિરદાવી આ પછીની યાત્રા માટે તેમના લઘુબંધુ સ્વ. ચંદુભાઈ સંઘાણીની સ્મૃતિમાં ૫૧ હજારનું અનુદાન જાહેર કર્યુ હતું. જોગાનુજોગ એ જ દિવસે સ્વ. ચંદુભાઈ સંઘાણીની જન્મતિથિ હતી અને તેમના સ્મરણાર્થે અમરેલીમાં સંઘાણી પરિવાર દ્વારા આયોજિત ભાગવત કથાનો પ્રથમ દિવસ હતો.

કાર્યક્રમમાં આ યાત્રા માટે અનુદાન આપનારા પ્રફુલ્લભાઈ બાટવીયા, મયુરભાઈ ગજેરા, હરેશભાઈ સાદરાણી, મનીષભાઈ મોરઝરીયા (શિવ ધારી) તથા મુન્નાભાઈ મોરઝરીયાનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું.

યાત્રાના સમગ્ર આયોજનમાં જેમનું માર્ગદર્શન અને સહકાર મળેલ અને જેઓ યાત્રામાં ફાઉન્ડેશનના પ્રતિનિધિ તરીકે જવાના હતા તેવા શ્રવણ પ્રસાદ કેન્દ્રના પ્રણેતા ભીખુભાઈ અગ્રાવત તથા યાત્રાના આયોજન માટે સતત દોડતા રહેતા નયનભાઈ જોષી (બેદી)નું આવેલ મહાનુભાવોના હસ્તે મોમેન્ટો આપી સન્માન કરાયું હતું.

તા. ૨૮ના રોજ પ્રસ્થાન થયેલ યાત્રા સોમનાથ–પોરબંદરનો પ્રવાસ પૂર્ણ કરી દ્વારકા પહોંચી ચુકી છે અને તા. ૩૦/૪ના બુધવારે રાત્રે વીરપુર થઈ અમરેલી પહોંચી જનાર છે. યાત્રામાં વ્યવસ્થા માટે કે.કે. મિશ્રા (માસ્તર) અને કિરણભાઈ નાંઢાની અગત્યની ભુમિકા રહેવાની છે.

### સોનાનાં ભાવો આસમાને પહોંચ્યાની અસર

## અમરેલીમાં અખાત્રીજનાં પવિત્ર દિવસે સોનાની ખરીદીમાં તેજી જોવા ન મળી

**મોંઘવારીમાં સોનું ખરીદવું સૌને મુશ્કેલ બન્યુ**

અમરેલી, તા.૩૦

અમરેલી શહેર સહિત જિલ્લામાં અક્ષય તૃતિયાની ઉજવણીના ભાગરૂપે લોકો વણજોયું મુહૂર્ત ગણી અને સારા કામની શરૂઆત કરે છે. અને લોકો શુકન માટે સોનું અથવા તો ચાંદીના દાગીનાની ખરીદી કરે છે. પરંતુ ચાલુ વર્ષે સોના ચાંદીના ભાવ આસમાને હોય લોકો સોના ચાંદીના દાગીના ખરીદવાનું મોકુફ રાખ્યું હોય, તેમ આજે સોના ચાંદીના દાગીનાના વેપારીને ત્યાં સામાન્ય દિવસમાં હોય તેવા ગ્રાહકોની ચહલપહલ જોવા મળતી હતી.

સામાન્ય રીતે લોકો સારા દિવસોમાં સારા કામના શુકનના કરતાં હોય છે. ત્યારે અક્ષય તૃતિયાનો દિવસ એટલે ઉતમ દિવસ ગણાય છે. કહેવાય છે કે આ દિવસે વણજોયું મુહૂર્ત ગણી આ દિવસે લગ્ન, સગાઈ જેવા પ્રસંગો ગોઠવતા હોય છે. ત્યારે આપણે ત્યાં અખાત્રીજના શુભ દિવસે લોકો શુકન માટે સોનું અથવા તો ચાંદીના દાગીનાની ખરીદી કરે છે.

પરંતુ ચાલું વર્ષે સોના ચાંદીના ભાવ રૂપિયા ૧ લાખને પાર કરી દેતા તથા કાળઝાળ મોંઘવારીમાં પિસાતા લોકોની ખરીદ શક્તિ ઘટી જવાના કારણે લોકો સોના ચાંદીના દાગીના ખરીદવાનું આજે મોકુફ રાખ્યું હોય, તેમ આજે સોના ચાંદીના દાગીનાના વેપારીને ત્યાં સામાન્ય દિવસમાં હોય તેવા ગ્રાહકોની ચહલપહલ જોવા મળતી હતી.

## સ્વ. ચંદુભાઈ સંઘાણીનાં સ્મણાર્થે અનુકંપા ફાઉન્ડેશન રૂપિયા ૨૫ હજારનું અનુદાન



અનુકંપા ફાઉન્ડેશનની પ્રથમ બસના પ્રસ્થાન પ્રસંગે ઉપસ્થિતિ ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ સંસ્થાની પ્રવૃતિને વેગ મળે તે માટે બીજી બસના ખર્ચ પેટે રૂા. ૫૧૦૦૦/–નું અનુદાન જાહેર કર્યુ હતું. જોગાનુંજોગ તા. ૨૮ એપ્રિલના દિવસે દિલીપભાઈના લઘુબંધુ સ્વ. ચંદુભાઈ સંઘાણીની જન્મતિથિ હતી. અને તે જ દિવસે તેમના સ્મરણાર્થે સંઘાણી પરિવાર દ્વારા આયોજીત ભાગવત સપ્તાહનો પ્રથમ દિવસ હતો. સ્વ. ચંદુભાઈ સંઘાણીએ તેમની ''સેવા'' સંસ્થાના માધ્યમથી, બ્લડ ડોનેશન, એમ્બ્યુલન્સ સેવા, ગરીબ લોકોને ચંપલ વિતરણ તથા લુપ્ત થતી જતી ચકલી માટે અનેકવિધ સેવા અભિયાનો કર્યા હતા.

### પવનચક્કી પણ અસલામત

## બાબરાનાં નીલવડા ગામે પવનચક્કીનાં વાયરની ચોરી

અમરેલી, તા. ૩૦

બાબરા તાલુકાના નીલવડા ગામે આવેલ પવનચક્કી લોકેશન નંબર SK05 તથા GK06 ઉપરથી ગત તા. ૨૧/૪ના રાત્રીના આશરે નવ વાગ્યાથી રાત્રીના અગીયારેક વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન આ બંત્રે લોકેશન વાળા સ્થળ પરના સિકયુરીટી ગાર્ડ જમવા માટે ગયેલ હતા. ત્યારે કોઈ અજાણ્યા માણસે આ બંત્રે પવનચક્કી લોકેશન ઉપર આવી બંત્રે પવન ચક્કીની અંદર જવાનો દરવાજાનો લોક તોડી અન બંત્રે પવનચક્કીની અંદર રહેલ કોપરનો અર્થિંગ કેબલ આશરે ૬૫૦ મિટર કોપરનો અર્થિંગ કેબલ કિંમત રૂપિયા ૬૫,૦૦૦ કોઈ ધારદાર હથિયાર વડે કાપી ચોરી કરી લઈ ગયાની બાબરા પોલીસમાં નોંધાતા પોલીસે ઘોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦













ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...

મગડી ગુંદીના લાડુ

નાયલોન તથા વાટીદાળનાં ખમણ

પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ

તેમજ અવનવા તાજા ફરસાણ મળશે

સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી

બટેટા વેફર્સ ■ કેળા વેફર્સ ■ ફરાળી ચેવડો

તેમજ અમારી

સ્પે. આઈટમ ફરાળી ચટણી

હાજરમાં મળશે

શિવ

નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ■ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫










### લાંબા સમયથી ચાલતી જાતિ આધારિત વસ્તી ગણતરી પર નિર્ણય

# મોદી સરકારનો મોટો નિર્ણય, જાતિ જનગણના કરાવશે કેન્દ્ર સરકાર

**અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે શિલોંગ અને સિલચર વચ્ચે એક નવા હાઇવેના નિર્માણને મંજૂરી આપી છે, જેનો ખર્ચ ૨૨,૮૬૪ કરોડ હશે**

નવી દિલ્હી, તા.૩૦

આખો દેશ પાકિસ્તાન સામે સૈન્ય કાર્યવાહીની રાહ જોઈ રહ્યો છે, તેની વચ્ચે મોદી સરકારે એક અતિ મહત્વનો નિર્ણય લીધો છે. લાંબા સમયથી ચાલતી જાતિ આધારિત વસ્તી ગણતરી પર મોદી કેબિનેટે મંજૂરીની મહોર મારી છે. આજે યોજાયેલી એક બેઠકમાં મોદી કેબિનેટે જાતિઆધારિત વસ્તી ગણતરી માટે મંજૂરી આપી દીધી છે. વાસ્તવમાં, રાજકીય બાબતોની કેબિનેટ સમિતિ એટલે કે CCPA ને સુપર કેબિનેટ તરીકે ઓળખવામાં આવે છે કારણ કે તેમાં કેન્દ્રીય કેબિનેટના ટોચના મંત્રીઓનો સમાવેશ થાય છે. CCPA ના વર્તમાન સભ્યોમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો સમાવેશ થાય છે, જે તેના અધ્યક્ષ છે. આ સાથે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ગૃહ પ્રધાન અમિત શાહ, માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરી, નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ અને વાણિજય પ્રધાન પીયૂષ ગોયલનો પણ તેમાં સમાવેશ થાય છે.

અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે શિલોંગ અને સિલચર વચ્ચે એક નવા હાઈવેના નિર્માણને મંજૂરી આપી છે, જેનો કુલ ખર્ચ ૨૨,૮૬૪ કરોડ રૂપિયા હશે. આ સાથે, ૨૦૨૫-૨૬ શેરડીની સીઝન માટે ખેડૂતોને રાહત આપતા, પ્રતિ ક્વિન્ટલ ૩૫૫ રૂપિયાના લઘુત્તમ ટેકાના ભાવ (MSP) ને પણ મંજૂરી આપવામાં આવી છે.

પત્રકારોને સંબોધતા અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આજે યોજાયેલી રાજકીય બાબતોની કેબિનેટ સમિતિ (CCPA) ની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે આગામી વસ્તી ગણતરીમાં જાતિ વસ્તી ગણતરીનો સમાવેશ કરવામાં આવશે. આને એક ઐતિહાસિક પગલું માનવામાં આવી રહ્યું છે, કારણ કે અત્યાર સુધી જાતિ વસ્તી ગણતરી મૂળભૂત વસ્તી ગણતરીનો ભાગ રહી નથી. તેમણે કહ્યું, "કેટલાક રાજ્યોએ પોતાના સ્તરે જાતિ સર્વેક્ષણો કર્યા છે, પરંતુ સામાજિક માળખાને સમજવા માટે એક સર્વાંગી અભિગમ જરૂરી છે. CCPA એ નિર્ણય લીધો છે કે હવે જાતિઓની ગણતરી આગામી વસ્તી ગણતરીમાં કરવામાં આવશે, કોઈ અલગ સર્વેક્ષણ હેઠળ નહીં."કોંગ્રેસ પાર્ટી પર નિશાન સાધતા અશ્વિની વૈષ્ણવે કહ્યું કે કોંગ્રેસ સરકારોએ હંમેશા જાતિ વસ્તી ગણતરીનો વિરોધ કર્યો છે. ૨૦૧૦માં, સ્વર્ગસ્થ ડૉ. મનમોહન સિંહે કહ્યું હતું કે જાતિ વસ્તી ગણતરીનો મુદ્દો કેબિનેટમાં ધ્યાનમાં લેવો જોઈએ. આ વિષય પર વિચાર કરવા માટે મંત્રીઓનું એક જૂથ બનાવવામાં આવ્યું હતું. મોટાભાગના રાજકીય પક્ષોએ જાતિગત વસ્તી ગણતરીની ભલામણ કરી હતી. આમ છતાં, કોંગ્રેસ સરકારે જાતિ સર્વેક્ષણ અથવા જાતિ વસ્તી ગણતરી કરવાનો નિર્ણય લીધો.

તેમણે કહ્યું કે એ વાત સારી રીતે સમજી શકાય છે કે કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ જાતિગત વસ્તી ગણતરીનો ઉપયોગ ફક્ત રાજકીય હથિયાર તરીકે કર્યો છે. કેટલાક રાજ્યોએ જાતિઓની ગણતરી માટે સર્વેક્ષણો હાથ ધર્યા છે. જ્યારે કેટલાક રાજ્યોએ તે સારી રીતે કર્યું છે, ત્યારે કેટલાક રાજ્યોએ ફક્ત રાજકીય દૃષ્ટિકોણથી બિન-પારદર્શક રીતે આવા સર્વેક્ષણો કર્યા છે. આવા સર્વેક્ષણોએ સમાજમાં શંકાઓ ઉભી કરી છે. રાજકારણથી આપણું સામાજિક માળખું નષ્ટ ન થાય તે માટે, સર્વેક્ષણને બદલે વસ્તી ગણતરીમાં જાતિ ગણતરીનો સમાવેશ થવો જોઈએ. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે બંધારણના અનુચ્છેદ ૨૪૬ હેઠળ, કેટલીક રાજ્ય સરકારોને પોતાના સ્તરે સામાજિક સર્વેક્ષણ કરવાનો અધિકાર છે. પરંતુ જાતિના ડેટાનો સમાવેશ હવે કેન્દ્રીય વસ્તી ગણતરી હેઠળ કરવામાં આવશે, જેથી એકરૂપતા અને ચોકસાઈ જાળવી શકાય. મોદી સરકારે શેરડીના ખેડૂતોને મોટી ભેટ આપી છે. શેરડીના FRPમાં વધારો કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે શિલોંગથી સિલ્વર કોરિડોરને મંજૂરી આપવામાં આવી છે. સરકારે મેઘાલયથી આસામ સુધીના નવા હાઈવેને મંજૂરી આપી છે, જે ૧૬૬.૮ કિમી લાંબો ૪-લેન હાઈવે હશે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર જાતિગત વસ્તી ગણતરી કરશે.

### બજારમાં ૨૦૦૦ પોઈન્ટથી વધુનો ઘટાડો થયો

# ભારત-પાકિસ્તાન વિવાદને કારણે પાકિસ્તાન શેરબજારની હાલત ખરાબ

**૨૨ એપ્રિલના રોજ થયેલા હુમલાથી ભારત અને પાકિસ્તાન વચ્ચેના વિવાદમાં વધુ વધારો થયો છે**

નવીદિલ્હી,તા.૩૦

પહેલગામ આતંકવાદી હુમલા પછી, ભારત સાથે યુદ્ધના ડરને કારણે પાકિસ્તાનનું શેરબજાર તૂટી પડવા લાગ્યું છે. સમાચાર લખતી વખતે, બપોરે ૧.૨૨ વાગ્યે, કરાચી સ્ટોક એક્સચેન્જનો કેએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૨૬૪૦ પોઈન્ટ ઘટ્યો હતો. હાલમાં તે ૧૧૨૨૩૨ પર ટ્રેડ થઈ રહ્યો છે. તે જ સમયે, ભારતીય શેરબજારમાં પણ થોડો વધારો જોવા મળી રહ્યો છે.બપોરે ૧:૨૪ વાગ્યે, બીએસઈ સેન્સેક્સ લગભગ ૩૦ પોઈન્ટ વધીને ૮૦,૩૧૨ પર ટ્રેડ કરી રહ્યો છે. એનએસઈ નિફ્ટી લગભગ ૧ પોઈન્ટ વધીને ૨૪,૩૩૭ પર ટ્રેડ થઈ રહ્યો છે. જે ફ્લેટના વ્યવસાય તરફ ઈશારો કરી રહ્યું છે.

૨૨ એપ્રિલના રોજ થયેલા હુમલાથી ભારત અને પાકિસ્તાન વચ્ચેના વિવાદમાં વધુ વધારો થયો છે. જેની અસર શેરબજારમાં પણ દેખાવા લાગી છે. જો આપણે પાછલા અઠવાડિયા પર નજર કરીએ, એટલે કે ૨૩ એપ્રિલથી અત્યાર સુધી (૩૦ એપ્રિલ), તો આ લખાઈ રહ્યું છે ત્યારે, પાકિસ્તાન શેરબજાર બપોરે ૧:૩૧ વાગ્યે ૪૭ ટકા ઘટ્યું છે.

તે જ સમયે, ગયા અઠવાડિયાથી અત્યાર સુધી ભારતીય શેરબજારમાં મિશ્ર કારોબાર જોવા મળ્યો છે. એક દિવસ શેરબજારમાં ૧૦૦૦ પોઈન્ટથી વધુનો ઘટાડો થયો. અન્ય સમયે, શેરબજારમાં સારી ખરીદી જોવા મળી હતી.આનંદરથીના અહેવાલ મુજબ, ભારત અને પાકિસ્તાન વચ્ચેના અગાઉના ચાર વિવાદોની ભારતીય શેરબજાર પર ખાસ અસર પડી નથી.આ ૪ વિવાદોમાં કારગિલ યુદ્ધ, સંસદ પર હુમલો, ઉરી હુમલો અને પુલવામા હુમલોનો સમાવેશ થાય છે. આ બધા વિવાદોમાંથી, સંસદ પરના હુમલા દરમિયાન શેરબજારને સૌથી વધુ નુકસાન થયું છે.

કારગિલ યુદ્ધ ૩ મે ૧૯૯૯ ના રોજ થયું હતું. આને ભારત અને પાકિસ્તાન વચ્ચેનો સૌથી મોટો વિવાદ માનવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન, બંને દેશોના ઘણા લોકોએ જીવ ગુમાવ્યા. આ યુદ્ધ ૨૬ જુલાઈ ૧૯૯૯ ના રોજ સમાપ્ત થયું. આ દરમિયાન, શેરબજારમાં માત્ર ૦.૮ ટકાનો ઘટાડો થયો હતો.

વર્ષ ૨૦૦૧ માં ભારતીય સંસદ પર આતંકવાદી હુમલો થયો હતો. આ આતંકવાદી હુમલાથી લોકોમાં ભારે ગુસ્સો ફેલાયો હતો. ડિસેમ્બર ૨૦૦૧ થી ઓક્ટોબર ૨૦૦૨ સુધી અર્થતંત્રને અસર કરી. આ સમયગાળા દરમિયાન, શેરબજારમાં ૧૩.૯ ટકાનો ઘટાડો થયો છે.

ઉરી હુમલો:

ઉરી હુમલો વર્ષ ૨૦૧૬ માં થયો હતો. જેમની સામે સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવી હતી. આ સમયે પણ શેરબજારમાં ૨.૧ ટકાનો ઘટાડો થયો છે. પુલવામા હુમલો:૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ પુલવામામાં આતંકવાદી હુમલો થયો હતો. જેની સામે સર્જિકલ સ્ટ્રાઈક પણ કરવામાં આવી હતી. આ હુમલો લગભગ ૧ મહિના સુધી ચાલ્યો. આ સમયગાળા દરમિયાન, શેરબજારમાં ૧.૮ ટકાનો ઘટાડો થયો છે.

આનંદરથીના અહેવાલને ટાંકીને કહી શકાય કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા વિવાદની અસર ભારતીય શેરબજાર પર ઓછી પડશે.

### સાઉદી અરેબિયાનો નિર્ણય

# હજ યાત્રીઓ નિયમોનું ઉલ્લંઘન કરશે તો ભરવો પડશે ૪.૫ લાખ રૂપિયાનો દંડ

**મક્કામાં ભીડને નિયંત્રિત કરવાનો છે આ ઉપરાંત, ભિખારીઓને દૂર રાખવાના પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે**

રીયાધ, તા.૩૦

વિશ્વભરના મુસ્લિમો પવિત્ર યાત્રા હજ ૨૦૨૫ માટે તૈયારીઓ કરી રહ્યા છે. આ દરમિયાન, સાઉદી અરેબિયાએ પરવાનગી વિના હજ પર જનારાઓ માટે કડક દંડની જાહેરાત કરી છે. સાઉદી અરેબિયાના વહીવટીતંત્રે સ્પષ્ટપણે કહ્યું છે કે મક્કામાં ફક્ત તે જ લોકોને પ્રવેશ આપવામાં આવશે જેમના વિઝામાં હજ યાત્રાની પરવાનગી શામેલ છે. જે વિઝા ધારકો સાઉદી અરેબિયા કોઈ અન્ય કામ માટે આવ્યા હતા અને પરવાનગી વિના મક્કા પહોંચ્યા હતા તેમના પર દંડ લાદવામાં આવશે. પરવાનગી વિના હજ યાત્રા પર જનારાઓને ૨૦,૦૦૦ સાઉદી રિયાલ સુધીનો દંડ ચૂકવવો પડશે, એટલે કે આશરે ૪.૫ લાખ રૂપિયા.આ પ્રતિબંધિત સમયગાળા દરમિયાન મક્કા અથવા નજીકના પવિત્ર સ્થળોએ પ્રવેશતા વિઝિટ વિઝા ધારકોને પણ દંડ લાગુ પડે છે. તેનો હેતુ મક્કામાં ભીડને નિયંત્રિત કરવાનો છે. આ ઉપરાંત, ભિખારીઓને દૂર રાખવાના પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

સાઉદી અરેબિયા સરકારે હજ સંબંધિત નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ પાકિસ્તાનને કડક ચેતવણી આપી છે. હકીકતમાં, પાકિસ્તાન જેવા ઘણા દેશોમાંથી હજારો લોકો ગેરકાયદેસર રીતે સાઉદી અરેબિયા જાય છે. આવા લોકો મક્કા અને મદીનામાં ભીખ માંગે છે અને તેમાંથી મોટી રકમ કમાઈને પાછા ફરે છે. આવી સ્થિતિમાં, આ વખતે ઘણી કડકતા છે. સાઉદી અરેબિયા કહે છે કે જે લોકો ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને મક્કા લાવશે તેમના વાહનો પણ જપ્ત કરવામાં આવશે. આ ઉપરાંત, સાઉદી અરેબિયામાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરનારાઓ પર ઓછામાં ઓછા ૧૦ વર્ષ માટે પ્રતિબંધ મૂકવામાં આવશે.

અનધિકૃત હજની સુવિધા આપવા બદલ દંડ – કોઈપણ વ્યક્તિ અન્ય લોકોને ગેરકાયદેસર રીતે હજ કરવામાં મદદ કરતી જોવા મળે છે, પછી ભલે તે વિઝિટ વિઝા માટે અરજી કરીને, પરિવહન પૂરું પાડીને અથવા રહેઠાણ પૂરું પાડીને હોય, તો તેને ૧૦૦,૦૦૦ રિયાલ (આશરે રૂ. ૨૨.૭ લાખ) સુધીનો દંડ ફટકારવામાં આવશે. આ દંડ દરેક વ્યક્તિ માટે અનેક ગણો વધે છે.

પરિવહન અને આશ્રય ગુનાઓ: હોટલ, એપાર્ટમેન્ટ અથવા ખાનગી આવાસ ચલાવતા લોકો સહિત ઉલ્લંઘન કરનારાઓનું પરિવહન અથવા આશ્રય આપનાર કોઈપણ વ્યક્તિ પર ૨૨.૭ લાખ રૂપિયાનો દંડ લાગુ પડશે.દેશનિકાલ અને પ્રવેશ પ્રતિબંધ – ગેરકાયદેસર ઘુસણખોરો, ભલે તેઓ વધુ સમય રોકાયા હોય કે રહેવાસી હોય, તેમને દેશનિકાલ કરવામાં આવશે અને આગામી ૧૦ વર્ષ સુધી સાઉદી અરેબિયામાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવશે.આ વર્ષે હજ ૪ જૂનથી ૯ જૂન, ૨૦૨૫ ની વચ્ચે થવાની ધારણા છે, જે ચંદ્ર જોવાના આધારે થશે. હજ યાત્રાળુઓ પહેલાથી જ રવાના થઈ ગયા છે. ભારતથી પહેલી ફ્લાઈટ્સ ૨૯ એપ્રિલે લખનૌ અને હૈદરાબાદથી હજ યાત્રીઓને લઈને રવાના થઈ હતી.

### બિઝનૌરમાંથી એક સનસનીખેજ કિસ્સો સામે આવ્યો

# ભાણેજે મામી સાથેના સંબંધ માટે મામાની હત્યા કરી

**પોલીસ પાસે ગામમાં લાગેલા સીસીટીવી ફૂટેજ ખંગાળી બંને આરોપી બાઈકથી જતા દેખાયા**

બિઝનૌર,તા.૩૦

ઉત્તર પ્રદેશના બિઝનૌરમાંથી એક સનસનીખેજ કિસ્સો સામે આવ્યો છે. અહીં સંબંધમાં એક ભાણેજનું દિલ પોતાની જ મામી પર આવી ગયું. પછી ધીમે ધીમે બંને એકબીજાની નજીક આવતા ગયા. પણ થોડા સમય બાદ બંનેના સપના ચકનાચૂર થઈ ગયા. હકીકતમાં જોઈએ તો, મામા સઉદીથી પાછા આવ્યા અને બિઝનૌરમાં રહીને કામકાજ શરૂ કરી દીધું. તેનાથી મામી ભાણેજને મળવામાં તકલીફ થવા લાગી અને પછી ભાણેજે પોતાના મિત્રો સાથે મળીને મામા ફારુખની પતાવી દેવાનો પ્લાન ઘડી નાખ્યો. અસરગઢપુરના જંગલમાં મળેલી લાશની તલાશી લીધા બાદ ચોંકાવનારા ખુલાસા થયા છે.

આ મામલામાં પોલીસે ૨ લોકો વિરુદ્ધ કેસ નોંધ્યો છે. હાલમાં પોલીસ મૃતકની પત્ની સાથે પૂછપરછ કરી રહી છે. સોમવારની સાંજે અસગઢપુર ગામના જંગલમાં માલન નદીના કાંઠે બાઈક પર સવાર થઈને ૨ લોકો પહોંચ્યા. આ બંને યુવકોએ એક યુવકને ગોળી મારીને હત્યા કરી નાખી હતી અને પછી ભાગી ગયા હતા. બાદમાં મરનારની ઓળખાણ ૩૫ વર્ષના ફારુખ ઢોલકિયાન વિસ્તારના રહેવાસી તરીકે થઈ હતી.

કહેવાય છે કે મૃતકની પત્નીના સંબંધ ભાણેજ સાથે હતા. તેના કારણે આ હત્યાકાંડને અંજામ આપ્યો. ફરી એક વાર મેરઠ જેવા હત્યાકાંડના કારણે યૂપીમાં હાહાકાર મચી ગયો છે. બંને આરોપી ફારુખને બાઈક પર બેસાડીને લઈ ગયા હતા. પહેલા મેહરબાને તમંચાથી ગોળી મારી, પણ નિશાન લાગ્યું નહીં. ગોળી હાથને ટચ કરીને નીકળી ગઈ.. ત્યાર બાદ તમંચો ઉમરે લીધો અને બે ગોળી ચલાવી. જો ફારુખની પીઠમાં જઈને વાગી. તેની સાથે જ પથ્થર મારીને તેનું માથું કચડી નાખ્યું.સોમવારની સાંજે કોસગઢપુરના જંગલમાં માલન નદીના કાંઠે લાશ પડેલી મળી. હત્યારા સિલ્વર રંગની બાઈકથી ભાગ્યા હતા. પોલીસ પાસે ગામમાં લાગેલા સીસીટીવી ફૂટેજ ખંગાળી બંને આરોપી બાઈકથી જતા દેખાયા. ફૂટેજ લોકોને દેખાડ્યા તો એક ગ્રામીણે ઓળખ લીધી કે એક આરોપી જિમમાં જાય છે. મૃતકની ઓળખ કર્યા બાદ તેના ભાઈ નઈમે રિપોર્ટ નોંધાવ્યો. તેમાં મેહરબાન અને ઉમરને નામજોગ કરાયા છે. આરોપી કિરતપુરના અફગાનાનના રહેવાસી છે. શરૂઆતી તપાસમાં સામે આવ્યું છે કે, હત્યાનો પ્લાન બનાવવા માટે પાંચ દિવસ પહેલા જ તમંચો ખરીદ્યો હતો.ફારુખ પહેલા સઉદી અરબમાં રહીને કામ કરતો હતો. જ્યાંથી પૈસા કમાયા બાદ તે પોતાના ઘર કિરતપુર પાછો આવી ગયો. અહીં આવીને છોટા હાથી વાહન ખરીદ્યું અને તેને ચલાવીને ઘરનું ગુજરાન ચલાવતો. ફારુખે ફરીથી સઉદી નહીં જવાની વાત કરતા મેહરબાનને વાત ગોઠી નહીં. તેના સંબંધ પોતાની મામી એટલે કે ફારુખની પત્ની સાથે હતા. આ સંબંધમાં મામા આડા આવી રહ્યા હતા. આરોપી મેહરબાન ગામડે ગામડે જઈને કપડાંની ફેરી લગાવતો હતો. આરોપી મેહરબાન મૃતકની બહેનનો દીકરો છે.

### સિંધુ નદી પ્રણાલીની જળસંધિ બાબતે ખાસ્સો ગરમાયો

# પાકિસ્તાનનું પાણી રોકવું હોય તો ભારતને ભાખરા નાંગલ જેવા ૨૨ ડેમની જરૂર પડશે : નિષ્ણાતો

**સરકારી રેકોર્ડ મુજબ, પશ્ચિમી નદીઓમાંથી દર વર્ષે સરેરાશ ૧૩૬ MAF (મિલિયન એકર ફૂટ) પાણી વહે છે**

નવીદિલ્હી,તા.૩૦

પહેલગામ આતંકવાદી હુમલાને પગલે તાજેતરમાં ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલો તણાવ સિંધુ નદી પ્રણાલીની જળસંધિ બાબતે ખાસ્સો ગરમાયો છે. ભારત જો સિંધુ નદીનું પાણી રોકી દે તો પાકિસ્તાન તરસે મરી જાય, એવી થિયરી વ્યક્ત કરનારા એ હકીકત નથી સમજતાં કે બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિના કોઈપણ નદીનું પાણી રોકી દેવું શક્ય નથી. પાકિસ્તાનમાં વહી જતાં પાણીને સંગ્રહિત કરવું હોય તો ભારતે ભાખરા નાંગલ બંધના કદ જેટલા ઓછામાં ઓછા ૨૨ ડેમ બાંધવા પડે એમ છે. સરકારી રેકૉર્ડ મુજબ, પશ્ચિમી નદીઓમાંથી દર વર્ષે સરેરાશ ૧૩૬ MAF (મિલિયન એકર ફૂટ) પાણી વહે છે. ૧ MAF પાણી ૧૦ લાખ એકર જમીન એટલે કે દિલ્હી-NCR પ્રદેશ કરતાં ત્રણ ગણા વિસ્તારને ૧ ફૂટ ઊંડા પાણીમાં ડુબાડી શકે છે. જો પશ્ચિમી નદીઓમાંથી વહેતું બધું પાણી રોકી દેવામાં આવે તો એટલું પાણી ૪૨૨૪૧ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલા સમગ્ર જમ્મુ-કાશ્મીરને ૧૩ ફૂટ પાણીમાં ડુબાડી દે.નદી પર બંધ બાંધીને પાણીનો સંગ્રહ કરાય તો એમાંથી વીજળી પણ ઉત્પન્ન કરી શકાય અને સિંચાઈ પણ કરી શકાય. જોકે, સિંધુ નદી જળ સંધિ ભારતને પાકિસ્તાનને ફાળવવામાં આવેલી પશ્ચિમી નદીઓ પર બંધ બનાવવાની મંજૂરી આપતી નથી. તેથી, હાલમાં સિંધુ, ચિનાબ અને ઝેલમ નદીઓ પર ભારતનો એક પણ બંધ નથી. હા, આ નદીઓ પર ભારતને 'રન ઑફ ધ રિવર' પ્રોજેક્ટ ચલાવવાની છૂટ છે અને ભારત એવા પ્રોજેક્ટ્સ ચલાવે પણ છે. જોકે, એના જળાશયોમાં પણ ભારતને ૩.૬ સ્ક્વેરથી વધુ પાણી સંગ્રહવાની છૂટ નથી.'રન ઑફ ધ રિવર' પ્રોજેક્ટ એ એક પ્રકારની હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર ઉત્પાદન યોજના છે. એમાં વીજળી ઉત્પન્ન કરવા માટે નદીના કુદરતી પ્રવાહ, ઊંચેથી આવતા પાણીના પ્રવાહનો જ ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં મોટા બંધ કે જળાશય બાંધવાના હોતા નથી. નદીના કુદરતી પ્રવાહને જ સીધા ટર્બાઈન તરફ વાળવામાં આવે છે. આવા પ્રોજેક્ટમાં અમુક હદ સુધીના નાના બંધ બાંધવાની છૂટ હોય છે.

હાલમાં સ્થિત એવી છે કે જમ્મુ અને કાશ્મીરના તમામ જળાશયો મળીને પણ સિંધુ, ચિનાબ અને ઝેલમ નદીના વાર્ષિક પ્રવાહનો એક ટકા પાણી પણ સમાવી શકતા નથી. પશ્ચિમી નદીઓ પર હાલમાં ભારતના છ જળવિદ્યુત પ્રોજેક્ટ— સલાલ, કિશનગંગા, બાગલીહાર, ઉરી, દુલ્હસ્તી અને નિમુ બાઝગો— ચાલી રહ્યા છે. જોકે, તેમાંથી કોઈ પણ બંધ તરીકે વર્ગીકૃત થયેલ નથી, દરેક પ્રોજેક્ટ તેના જળાશયમાં સતત કામગીરી માટે થોડું પાણી રાખે છે.જળસંચયની માત્રામાં વધારો થશે ઉપર જણાવ્યા એ છ બંધ હાલમાં ત્રણ નદીઓમાં વહેતા પાણીના વાર્ષિક જથ્થાના માત્ર ૦.૪ ટકા પાણી ધરાવે છે. રાજ્યમાં નિર્માણાધીન તમામ જળવિદ્યુત પ્રોજેક્ટ્સ પૂર્ણ થયા પછી આ ક્ષમતામાં ૨ ટકાનો વધારો થવાની ધારણા છે.

કિશ્તવાડ જિલ્લામાં ચિનાબ નદીની ઉપનદી પર ભારત હાલમાં 'પાકલ દુલ' પ્રોજેક્ટ બનાવી રહ્યું છે. આ 'રન ઑફ ધ રિવર' પ્રોજેક્ટમાં ભારતને ૧૨૫.૪ મિલિયન ઘન મીટર અથવા ૦.૧ MAF પાણી સમાવવાની છૂટ છે. એ ઉપરાંત રટલે, ક્વાર અને કિરુ હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ પણ હાલમાં નિર્માણાધીન છે. તેમનું બાંધકામ નવેમ્બર ૨૦૨૧ અને મે ૨૦૨૨ની વચ્ચે શરુ થયું હતું અને આવતા વર્ષે ફેબ્રુઆરી અને નવેમ્બરની વચ્ચે પૂર્ણ થવાની અપેક્ષા છે.નજીકના ભવિષ્યમાં ઓછામાં ઓછા ત્રણ વધુ બંધ સાવલકોટ, બુરસર અને કિરાથાઈ-૨ બનાવવાની ભારતની યોજના છે. આ બંધો સંયુક્તપણે પાણીનો જે જથ્થો સંગ્રહ કરશે એના લીધે પાકિસ્તાનમાં પાણીનો પ્રવાહ ચોક્કસપણે પ્રભાવિત થશે. નિષ્ણાતો કહે છે કે પશ્ચિમી નદીઓ પર બંધ બાંધવાથી ભારતને મોટી આર્થિક અને પર્યાવરણીય કિંમત ચૂકવવી પડશે. પર્યાવરણીય રીતે સંવેદનશીલ એવું જમ્મુ અને કાશ્મીર કુદરતી આફતોમાં ઘેરાઈ જશે. આવી આફતોમાં ભૂસ્ખલન, ભૂકંપ અને હિમનદી તળાવ ફાટવાથી પૂરનું જોખમ સર્જાઈ શકે એમ છે.

બંધ જેવું તોતિંગ બાંધકામ ગમે ત્યાં ઊભું નથી કરી દેવાતું. એના માટે ભૌગોલિક અનુકૂળતા, આસપાસના પર્યાવરણ પર પડનારી અસરો, જમીનનું બંધારણ, ડૂબમાં જતો વિસ્તાર અને જનવિસ્થાપન જેવી ઘણી બાબતો ધ્યાનમાં લેવી પડે છે. પાકિસ્તાનને ફાળે ગયેલી ત્રણ નદીઓ પૈકી ચિનાબ પર બંધ બાંધવાના અનુકૂળ સ્થળો પ્રમાણમાં વધુ છે. બંધ બાંધીને રોકેલા પાણીનો સૌથી વધુ ઉપયોગ સિંચાઈ માટે થતો હોય છે. જમ્મુ અને કાશ્મીરમાં હાલમાં પણ નદીઓ અને ઉપનદીઓ દ્વારા ખેતી માટેના પાણીની સારી વ્યવસ્થા ઉપલબ્ધ હોવાથી નવા બંધોએ રોકેલા પાણીનું કરવું શું? એવો પ્રશ્ન ઊભો થશે.

### ભારતને ટેરિફમાં મળશે મોટી રાહત

# ટ્રમ્પે દ્વિપક્ષીય વેપાર કરાર મુદ્દે આપ્યા મહત્વના સંકેત

**ટ્રમ્પના આ નિવેદનથી ભારતીય નિકાસકારોને રાહત મળી છે ટ્રમ્પે આ નિવેદન મિશિગનમાં યોજાયેલી એક રેલીમાં ભાગ લેતાં પહેલાં આપ્યું હતું**

નવીદિલ્હી,તા.૩૦

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આજે દાવો કર્યો છે કે, ભારત સાથે ટેરિફ મુદ્દે ચાલી રહેલી ચર્ચાઓ સકારાત્મક રીતે આગળ વધી રહી છે. ટૂંકસમયમાં બંને દેશો આ મુદ્દે સમાધાન કરશે. ટ્રમ્પના આ નિવેદનથી ભારતીય નિકાસકારોને રાહત મળી છે. ટ્રમ્પે આ નિવેદન મિશિગનમાં યોજાયેલી એક રેલીમાં ભાગ લેતાં પહેલાં આપ્યું હતું.

વ્હાઈટ હાઉસની બહાર પત્રકારો સાથે વાત કરતાં ટ્રમ્પે જણાવ્યું કે, મને લાગે છે કે, અમે ભારત સાથે ટેરિફ મુદ્દે સમાધાન કરીશું. તમે જાણો છો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ સપ્તાહ પહેલાં અહીં આવ્યા હતા, અને તેઓ ટેરિફ મુદ્દે ઉકેલ લાવવા માગે છે. બંને દેશો વચ્ચે ચાલી રહેલી વાટાઘાટો પ્રગતિશીલ ધોરણે આગળ વધી રહી છે.

ગત સપ્તાહે જ અમેરિકાના નાયબ રાષ્ટ્રપ્રમુખ જેડી વેન્સ ભારત આવ્યા હતાં. બંને દેશો વેપાર કરાર મુદ્દે યોજાયેલી બેઠક સફળ રહી હતી. ત્યારબાદ ભારત માટે ટૂંકસમયમાં જ રાહતોની જાહેરાત કરવાનો દાવો અમેરિકાના ટ્રેઝરી સચિવ સ્કૉટ બેસેન્ટે કર્યો હતો.

એક સરકારી અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર અમેરિકા સાથે વેપાર કરારમાં લોભામણો પ્રસ્તાવ (સ્વિટનર) સામેલ કરવા જઈ રહી છે. જેથી આ કરાર ભવિષ્યમાં પણ ભારતને સુરક્ષિત રાખે. વધુમાં અન્ય વેપાર કરારની તુલનાએ સૌથી શ્રેષ્ઠ શરતો રજૂ કરવા પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ભારત સરકાર પણ અમેરિકા સાથે ઝડપથી વેપાર કરારને અંતિમ રૂપ આપવા પ્રયાસ કરી રહી છે. સરકાર ફોરવર્ડ મોસ્ટ-ફેવર્ડ-નેશન કલમ સામેલ કરવા વિચારી રહી છે. આ કલમ હેઠળ અમેરિકાને સુવિધા મળશે કે, જો ભારત ભવિષ્યમાં કોઈપણ દેશ માટે ટેરિફમાં રાહતો આપે છે, તો તે રાહત આપોઆપ અમેરિકા પર પણ લાગુ થશે.

ડોનાલ્ડ ટ્રમ્પે ૨ એપ્રિલના રોજ ભારત સહિત અનેક દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લાદ્યો હતો. જેમાં ભારત પર ૨૬ ટકા ટેરિફ લાદ્યો હતો, સામે ભારત અમેરિકાની પ્રોડક્ટ્સ પર ૫૨ ટકા ટેરિફ વસૂલે છે. આ ટેરિફ બાદ ભારત સહિત વૈશ્વિક બજારોમાં ભારે ઉથલ-પાથલ બાદ ટ્રમ્પે ૯ એપ્રિલે રેસિપ્રોકલ ટેરિફ ૯૦ દિવસ માટે સ્થગિત કર્યો હતો. પરંતુ ૧૦ ટકા બેઝલાઈન ટેરિફ લાગુ છે. આ રોક ચીન સિવાય તમામ દેશો પર લાગુ છે.

# માસૂમ લોકોની હત્યા કરનારા આતંકીઓના આકા પાકિસ્તાનને ભારતથી ડર

**પાકિસ્તાને બે મહત્ત્વના શહેરો ઈસ્લામાબાદ અને લાહોરને નો ફ્લાઈ ઝોન ઘોષિત કર્યા છે**

ઈસ્લામાબાદ,તા.૩૦

પહલગામમાં આતંકી હુમલો અને માસૂમ લોકોની હત્યા કરનારા આતંકીઓના આકા પાકિસ્તાનને હવે ભારતથી ડર લાગી રહ્યો છે. પાકિસ્તાનના તમામ નેતાઓ દાવા કરી રહ્યા છે કે, ભારત કોઈ પણ સમયે પાકિસ્તાન વિરુદ્ધ જંગ શરુ કરી શકે છે. ડરના માહોલની વચ્ચે હવે પાકિસ્તાન સરકારે પોતાની રક્ષા કરવા માટે મોટા નિર્ણયો લીધા છે. પાકિસ્તાને પોતાના બે મહત્ત્વના શહેરો ઈસ્લામાબાદ અને લાહોરને નો ફલાઈ ઝોન ઘોષિત કર્યા છે.

પાકિસ્તાનમાંથી સામે આવી રહેલી જાણકારી અનુસાર, પાકિસ્તાને ૨ મે સુધી ઈસ્લામાબાદ અને લાહોર પર નો ટૂ એરમેન એટલે કે નોટેમ ઈશ્યૂ કરી દીધું છે. તે અનુસાર હવે આ નો ફ્લાઈ ઝોન હશે અને અહીં કોઈ પણ એરક્રાફ્ટ ફ્લાઈ નહીં કરી શકે.અહીં ઉલ્લેખનિય છે કે, ઈસ્લામાબાદ અને લાહોર પાકિસ્તાનના સૌથી વધારે મહત્ત્વના શહેરોમાંથી છે.જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ પાકિસ્તાનમાં ડરનો માહોલ છે. પાકિસ્તાનીઓને એ વાતનો ડર સતાવી રહ્યો છે કે, ભારત ટૂંક સમયમાં મોટી સૈન્ય કાર્યવાહી શરુ કરી શકે છે. ભારતમા પણ હલચલ તેજ થઈ ગઈ છે અને પીએમ મોદી તરફથી સેનાને ખુલી છૂટ પણ આપી દેવામાં આવી છે. ડરની સ્થિતિ એવી છે કે પાકિસ્તાનના સૂચના મંત્રી અત્તાઉલ્લાહ તરારે મોડી રાતે લગભગ ૨ વાગ્યે પ્રેસ કોન્ફ્રેન્સ કરે છે. તરારે પ્રેસ કોન્ફ્રન્સમાં દાવો કર્યો છે કે તેમને જાણકારી મળી છે કે, ભારત આગામી ૨૪થી ૩૬ કલાકમાં હુમલો કરી શકે છે.

### CCS ની બેઠકમાં કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય

# પૂર્વ રો પ્રમુખ આલોક જોશીને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડના અધ્યક્ષ બનાવાયા

**રાજીવ રંજન વર્મા અને મનમોહન સિંહ ભારતીય પોલીસ સેવાના બે નિવૃત્ત સભ્યો છે**

નવીદિલ્હી,તા.૩૦

પાકિસ્તાન સાથે ભારતના તણાવ વચ્ચે ભારતે મોટો નિર્ણય કર્યો છે. સરકારે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડમાં ફેરફાર કર્યો છે. પૂર્વ રૉ પ્રમુખ આલોક જોશીને અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે.

આ ઉપરાંત બોર્ડમાં વધુ છ સભ્યોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં પૂર્વ વેસ્ટર્ન એર કમાન્ડર એર માર્શલ પીએમ સિંહા, ભૂતપૂર્વ સધર્ન આર્મી કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ એકે સિંહ અને રીઅર એડમિરલ મોન્ટી ખન્ના, લશ્કરી સેવાઓમાંથી નિવૃત્ત અધિકારીઓનો સમાવેશ થાય છે. રાજીવ રંજન વર્મા અને મનમોહન સિંહ ભારતીય પોલીસ સેવાના બે નિવૃત્ત સભ્યો છે. સાત સભ્યોના બોર્ડમાં બી વેંકટેશ વર્મા નિવૃત્ત વિદેશ સેવા અધિકારી છે.

આ નિર્ણય પહલગામ આતંકવાદી હુમલાના પગલે લેવામાં આવ્યો છે, જેમાં એક નેપાળી નાગરિક સહિત ૨૬ નિર્દોષ નાગરિકોએ જીવ ગુમાવ્યા હતા તેમજ કેટલાક લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

પહલગામ આતંકવાદી હુમલા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દ્વારા તેમના નિવાસસ્થાને બોલાવવામાં આવેલી સુરક્ષા મામલેની કેબિનેટ સમિતિ (CCS) ની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

### પહલગામમાં કોઈ સિક્યોરિટી નહોતી : મૃતક શુભમની પત્ની એશન્યા

# પહલગામ હુમલામાં મૃત્યુ પામેલા શુભમના ઘરે પહોંચ્યા રાહુલ ગાંધી

**રાહુલ પર નજર પડયા બાદ શુભમની પત્ની એશન્યા રડવા લાગી હતી, ત્યારે રાહુલે એશન્યાને સાંત્વના પાઠવી છે**

કાનપુર, તા.૩૦

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી પહલગામ હુમલામાં મૃત્યુ પામેલ શુભમનના કાનપુર સ્થિત ઘરે પહોંચ્યા છે. આ દરમિયાન તેમણે શુભમને શ્રદ્ધાંજલી પાઠવવાની સાથે તેમના પરિવારજનો સાથે મુલાકાત કરી છે. રાહુલ પર નજર પડ્યા બાદ શુભમની પત્ની એશન્યા રડવા લાગી હતી, ત્યારે રાહુલે એશન્યાને સાંત્વના પાઠવી છે.

રાહુલે પહલગામ હુમલા અંગે પૂછતા એશન્યાએ કહ્યું કે, પહલગામમાં કોઈ સિક્યોરિટી નહોતી. આતંકવાદીઓ આવ્યા અને ધર્મ પૂછી ફાયરિંગ કરવા લાગ્યા. રાહુલે શુભમના પરિવારજનોને શક્ય તમામ મદદ કરવાની ખાતરી આપી છે. બીજીતરફ રાહુલે હુમલામાં જીવ ગુમાવનારાઓ માટે એક વિશેષ સત્ર બોલાવવાની પણ વાત કહી છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, 'હું પોતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વ્યક્તિગત મુલાકાત કરીશ. શુભમને શહીદનો દરજ્જો અપાવવા માટે સંસદમાં મુદ્દો ઉઠાવીશ. ત્યારબાદ શુભમના પરિવારે રાહુલને કહ્યું કે, 'તમે પણ પિતા ગુમાવ્યા છે, તેથી તમારાથી વધુ અમારું દર્દ કોઈ નહીં સમજી શકે.' પરિવારની વાત સાંભળતા જ રાહુલ ભાવુક થઈ ગયા હતા.

કોંગ્રેસ સાંસદે કહ્યું કે, મારા દાદી આજે વડાપ્રધાન હોત તો અત્યાર સુધીમાં પાકિસ્તાનને જડબાતોડ જવાબ મળી ગયો હોત. રાહુલ શુભમના ઘરે લગભગ ૨૮ મિનિટ રોકાયા હતા, ત્યારબાદ તેઓ ચકેરી એરપોર્ટ પરથી દિલ્હી રવાના થયા છે. સૂત્રોના જણાવ્યા મુજબ બિહારના રાજ્યપાલ આરિફ મોહમ્મદ પણ શુભમના ઘરે પહોંચશે અને પરિવારજનો સાથે મુલાકાત કરશે. રાહુલ ગાંધીને મળ્યા બાદ મૃતક શુભમ દ્વિવેદીના પિતા સંજય દ્વિવેદીએ કહ્યું કે, શુભમને શહીદનો દરજ્જો આપવામાં આવે. રાહુલે કહ્યું કે, 'મેં સંસદમાં વિશેષ સત્રનું આયોજન કરવા માટે વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો છે. પ્રિયંકા ગાંધીએ પણ મારી સાથે વીડિયો કૉલ પર વાત કરી મારી માંગને યોગ્ય કહી છે.' પ્રિયંકાએ કહ્યું કે, હું સરકાર પર દબાણ કરીશ અને શુભમને શહીદનો દરજ્જો અપાવવા માટે તેમની સાથે વાત કરીશ. બીજીતરફ શુભમના પત્ની એશન્યાએ રાહુલને કહ્યું કે, 'અમારી એક જ માંગ છે, શુભમને શહીદનો દરજ્જો મળવો જોઈએ. તો રાહુલે કહ્યું કે, તેઓ આ મુદ્દાને આગળ લઈ જશે.

કાનપુરના રહેવાસી શુભમ દ્વિવેદીના લગ્ન ૧૨ ફેબ્રુઆરીએ થયા હતા. તેઓ ૧૬ એપ્રિલે તેમની પત્ની અને આખા પરિવાર સાથે એક અઠવાડિયાની રજા માણવા માટે કાશ્મીર ગયા હતા. ૨૨ એપ્રિલે આતંકવાદીઓએ પહેલગામમાં શુભમની ગોળી મારીને હત્યા કરી દીધી હતી.

### હજુ ૩ દિવસ સુધી રાજ્યમાં પડશે અંગ દઝાડતી ગરમી

# અમદાવાદ શહેર ૪૪.૮ ડિગ્રી તાપમાનમાં શેકાયું

**રાજ્યમાં ગરમીનો પારો સતત ઉંચકાઇ રહ્યો છે, આગામી દિવસોમાં તાપમાનનો વધારો થવાની આગાહી કરાઈ**

અમદાવાદ, તા.૩૦

રાજ્યમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. આકરો ઉનાળો મે મહિનામાં તપી રહ્યો છે. હવામાન વિભાગ અનુસાર, હજુ પણ આગામી બે દિવસ સુધી ગરમી વધશે. મંગળવારે અમદાવાદમા ગરમીનો પારો ૪૪.૮ ડિગ્રીને પાર પહોંચ્યો હતો, જ્યારે રાજકોટ પણ ૪૪.૯ ડિગ્રી સાથે સૌથી ગરમ શહેર તરીકે નોંધાયુ હતુ. હાલમાં દક્ષિણ-પશ્ચિમમાંથી પવન ફૂંકાવવાના કારણે ૩ દિવસ તાપમાનનો પારો સતત ઉંચો જઈ શકે છે. મહત્તમ તાપમાન ૪૦ થી ૪૪ ડિગ્રી રહેવાની શક્યતાઓ છે. રાજ્યમાં ગરમીનો પારો સતત ઉંચકાઈ રહ્યો છે,

આગામી દિવસોમાં તાપમાનનો વધારો થવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ અનુસાર, અમદાવાદ સહિત રાજ્યના અન્ય શહેરોમાં પણ હજુ આભમાંથી અગનવર્ષા વરસશે. આગામી બે દિવસ સુધી અંગ દઝાડતી ગરમી પડવાની આગાહી છે. તાજા અપડેટમાં ગઈકાલે એટલે કે મંગળવારે ૪૪.૮ સાથે અમદાવાદ સૌથી ગરમ શહેર બન્યુ હતુ, છેલ્લા ૧૦ વર્ષનો અમદાવાદનો સૌથી હૉટેસ્ટ દિવસ ૨૯ એપ્રિલે ૪૪.૮ ડિગ્રી સાથે નોંધાયો હતો. આ ઉપરાંત રાજ્યમાં ૪૪.૯ ડિગ્રી સાથે રાજકોટ પણ હૉટેસ્ટ સિટી બન્યુ હતુ. અમરેલીમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર પહોંચ્યો જ્યારે કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ અને રાજકોટમાં હીટવેવની આગાહી હજુ પણ યથાવત છે. ગુજરાતમાં હવે ધીમે ધીમે તાપમાનનો પારો ઉચકાઈ રહ્યો છે. ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ રહ્યો હતો. જ્યારે ૩૨ ડિગ્રીથી લઈને ૪૫.૬ ડિગ્રી વચ્ચે મહત્તમ તાપમાન રહ્યું હતું. હવામાન વિભાગના આંકડા અનુસાર ભુજમાં ૪૧, નલિયામાં ૩૫, કંડલા (બંદર) માં ૩૬, કંડલા (એરપોર્ટ) માં ૪૫.૬ ડિગ્રી, અમરેલીમાં ૪૧, ભાવનગરમાં ૩૨, દ્વારકામાં ૩૩, ઓખામાં ૩૩, સુરેન્દ્રનગર ૪૨, મહુવામાં ૩૫, ગાંધીનગરમાં ૪૧ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરમાં ૪૦, વડોદરામાં ૩૯, સુરતમાં ૩૬ અને દમણમાં ૩૪ ડિગ્રી નોંધાઈ છે. આ ઉપરાંત હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૨૪ કલાક બાદ મહત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રી સુધીનો વધારો થશે. આમ આગામી દિવસોમાં હજુ પણ લોકોએ ગરમી સહન કરવી પડશે.

ગુજરાતમાં તાપમાનમાં વધારો થવા લાગ્યો છે ત્યારે અમદાવાદમાં પણ મહત્તમ તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. આ સાથે અમદાવાદમાં પણ મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી નજીક પહોંચી ગયું છે. અમદાવાદમાં ૪૧.૮ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે. જેના પગલે શહેરમાં કાળઝાળ ગરમીમાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

### ગુજરાતના ૫ લાખ પેન્શનરો માટે ખુશખબર

# હયાતીની ખરાઇ માટે બેંક કે કચેરીમાં નહીં જવું પડે

**હયાતીની ખરાઇ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા ભારતીય ટપાલ વિભાગ સાથે સમજૂતી કરાર કરાયા**

અમદાવાદ, તા.૩૦

ગુજરાતના પેન્શનરોના હિતમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કરાયો છે. પેન્શનરો અને તેમાં પણ ખાસ કરીને વૃદ્ધ પેન્શનરોને અવર-જવરમાં પડતી મુશ્કેલીઓને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા હયાતી (લાઈફ સર્ટિફિકેટ)ની ખરાઈ માટેની પ્રક્રિયાને વધુ સરળ બનાવવામાં આવી છે. હાલની પ્રક્રિયા મુજબ રાજ્યના પેન્શનરોએ હયાતીની ખરાઈ માટે સંબંધિત કચેરી અથવા બેંકમાં જવું પડે છે. જેમાં વૃદ્ધ પેન્શનરોને શારીરિક અશક્તતાને પરિણામે અનેક મુશ્કેલીઓ અનુભવાતી હોય છે.

રાજ્ય સરકાર દ્વારા આ પ્રક્રિયાને સરળ કરવા માટે હવે હયાતીની ખરાઈની સેવા પેન્શનરોને વિનામૂલ્યે તેમના ઘરઆંગણે જ ઉપલબ્ધ કરાવવામાં આવશે. હયાતીની ખરાઈ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા ભારતીય ટપાલ વિભાગ સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. રાજ્યની પોસ્ટ ઓફિસ/ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેંક મારફત પેન્શનરોને આ સેવા ઉપલબ્ધ થશે. આ સેવા અંતર્ગત પેન્શનરોના ઘર-આંગણે રૂબરૂ મુલાકાત કરી હયાતીની ખરાઈ સંપૂર્ણપણે નિઃશુલ્ક કરવામાં આવશે. આ સેવા પેન્શનરોને મદદ કરવા માટે એક વધારાના વિકલ્પ તરીકે કાર્યરત કરવામાં આવી છે. હાલના હયાતીની ખરાઈના અન્ય વિકલ્પો રાબેતા મુજબ ચાલુ રહેશે. રાજ્યના પેન્શનરો દ્વારા મળેલી રજૂઆતોને હકારાત્મક વાચા આપતા રાજ્ય સરકાર દ્વારા આ મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી રાજ્યના આશરે પાંચ લાખથી વધુ પેન્શનરોને આ સેવાનો લાભ મળશે. સમગ્ર પ્રક્રિયા કેવી રીતે કામ કરશે ?- પેન્શનરોને ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ આપવામાં આવે છે. જેને હવે IPPB ની ટીમને સંપર્ક કરવાથી અથવા તેમની પોસ્ટ બેંકની ટીમ સામે ચાલીને દરેક પેન્શનર્સના ઘરે જશે. તેમની જોડે ઉપલબ્ધ મોબાઈલ લાઈફ સર્ટિફિકેટના સોફ્ટવેરમાં પી.પી.ઓ. નંબર, આધાર નંબર, બેંક એકાઉન્ટ ડિટેલ , મોબાઈલ નંબર જેવા મહત્ત્વના ડેટા નાંખીને પેન્શનરની બાયોમેટ્રિક લેશે. - જેના પરિણામે ગણતરીની મીનિટમાં જ પેન્શનરોના ડિજિટલ બાયોમેટ્રિક ઓથેન્ટિકેશનથી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ ઈશ્યૂ થઈ જશે. જેની એક ડિજિટલ નકલ પેન્શન ઓફિસમાં પણ પહોંચી જશે.

અન્ય રાજ્યમાં રહેતા અને મૂળ ગુજરાતના પેન્શનરોને પણ આ સેવાનો લાભ મળશે, જેના માટે તેઓને નજીકના પોસ્ટ ઓફિસ કે પોસ્ટમેનને સંપર્ક કરવાનો રહેશે.

### દિલ્હી-NCR સહિત દેશભરના તમામ રાજ્યોમાં નવા ભાવ લાગુ થશે

# મધર ડેરીએ દૂધના ભાવમાં લીટરે કર્યો ૨ રુપિયાનો વધારો

**હવે ગ્રાહકોને વર્તમાન ભાવ કરતાં પ્રતિ લિટર ૨ રૂપિયા વધુ ચૂકવવા પડશે**

અમદાવાદ,તા.૩૦

મધર ડેરીએ દૂધના ભાવમાં વધારો કર્યો છે. હવે ગ્રાહકોને વર્તમાન ભાવ કરતાં પ્રતિ લિટર ૨ રૂપિયા વધુ ચૂકવવા પડશે. નવા ભાવ બુધવાર (૩૦ એપ્રિલ) થી લાગુ થયા છે.

સામાન્ય માણસને મોંઘવારીના મારને કારણે મોટો ઝટકો લાગ્યો છે. મધર ડેરીએ દૂધના ભાવમાં વધારો કર્યો છે. હવે ગ્રાહકોને વર્તમાન ભાવ કરતાં પ્રતિ લિટર ૨ રૂપિયા વધુ ચૂકવવા પડશે. નવા ભાવ બુધવાર (૩૦ એપ્રિલ) થી લાગુ થયા છે. દિલ્હી-NCR સહિત દેશભરના તમામ રાજ્યોમાં નવા ભાવ લાગુ થશે. મધર ડેરીએ ભાવ કેમ વધાર્યો? કંપનીનું કહેવું છે કે ખેડૂતો પાસેથી દૂધ ખરીદવાનો ખર્ચ ૪ થી ૫ રૂપિયા વધ્યો છે, જેના કારણે ભાવમાં વધારો થયો છે.

આનું મુખ્ય કારણ દેશભરમાં ઉનાળાની ઋતુની શરૂઆત અને ઘણા રાજ્યોમાં તીવ્ર ગરમી છે, જેના કારણે પ્રાણીઓના દૂધ ઉત્પાદનમાં ઘટાડો થયો છે. ટોન્ડ મિલ્ક (પાઉચ) ની કિંમત ૫૬ રૂપિયાથી વધીને ૫૭ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. ફુલ ક્રીમ મિલ્ક (પાઉચ) ૬૮ રૂપિયાથી વધીને ૬૯ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. ડબલ ટોન્ડ મિલ્કની કિંમત ૪૯ રૂપિયાથી વધીને ૫૧ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે અને ગાયના દૂધની કિંમત ૫૭ રૂપિયાથી વધીને ૫૯ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. પેક વગરના ટોન્ડ દૂધનો ભાવ ૫૪ રૂપિયાથી વધીને ૫૬ રૂપિયા પ્રતિ લિટર થયો છે.

### અભ્યાસ માટે ગઈ હતી

# પંજાબના આપ નેતાની પુત્રી વંશિકાનું કેનેડામાં રહસ્યમય મોત

**વંશિકા ગુમ થઈ ગઈ હતી હવે, બે દિવસ પછી, તેનો મૃતદેહ કોલેજ નજીકના દરિયા કિનારેથી મળી આવ્યો**

કેનેડા,તા.૩૦

કેનેડાના ઓટાવામાં અભ્યાસ કરતી પંજાબ મોહાલીના ડેરાબસ્સીના આપ નેતા દવિંદર સૈનીની ૨૧ વર્ષીય પુત્રી વંશિકા તાજેતરમાં ગુમ થઈ ગઈ હતી. હવે, બે દિવસ પછી, તેનો મૃતદેહ તેની કોલેજ નજીકના દરિયા કિનારેથી મળી આવ્યો. પોલીસે મૃતદેહને પોતાના કબજામાં લઈ લીધો છે અને તેના રહસ્યમય મૃત્યુની તપાસ શરૂ કરી દીધી છે પરંતુ મૃત્યુનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

વંશિકા કેનેડાના ઓટાવામાં અભ્યાસ કરતી હતી અને ભાડાના ઘરમાં રહેતી હતી. વંશિકાના પિતા દવિંદર સૈનીના જણાવ્યા અનુસાર વંશિકાએ છેલ્લે ૨૨ એપ્રિલના રોજ પરિવાર સાથે ફોન પર વાત કરી હતી, ત્યારબાદ તે ગુમ થઈ ગઈ હતી. તેની મિત્રએ વંશિકાના ગુમ થવાની પરિવારને જાણ કરી હતી. બીજા દિવસે તેની રૂમ પાર્ટનરનો ફોન આવ્યો કે વંશિકા રૂમમાં પાછી ફરી નથી અને તેનો સેલ ફોન પણ સ્વિચ ઓફ છે અને બે દિવસ પછી કોલેજ નજીકના બીચ પરથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. વંશિકા ભારતમાં ૧૨ ધોરણમાં નોન મેડિકલ કરીને બે વર્ષ પહેલા અભ્યાસ માટે કેનેડા ગઈ હતી, જ્યાં બે વર્ષ મેડિકલનો અભ્યાસ કરીને તાજેતરમાં જ પાર્ટ ટાઈમ નોકરીમાં લાગી હતી. કોલેજમાં તેનો વધુ અભ્યાસ પણ ચાલુ હતો. વંશિકાના પરિવારે કેન્દ્ર સરકાર પાસે મદદ માંગી છે જેથી તેના મૃતદેહને ભારત પરત લાવી શકાય. જો કે તેના મૃત્યુનું કારણ હજુ સુધી તેના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં બહાર આવ્યું નથી.

કેનેડિયન હાઈ કમિશને આ દુઃખદ ઘટનાની માહિતી સોશિયલ મીડિયા પર શેર કરી અને લખ્યું, 'ઓટાવામાં ભારતીય વિદ્યાર્થી વંશિકાના મૃત્યુ વિશે જાણીને અમને ખૂબ જ દુઃખ થયું છે. આ મામલામા સ્થાનિક પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. અમે શક્ય તેટલી બધી સહાય પૂરી પાડવા માટે શોકગ્રસ્ત પરિવાર અને સ્થાનિક સમુદાય સંગઠનો સાથે સંપર્કમાં છીએ.'

### ગુજરાતમાં કાળઝાળ ગરમી વચ્ચે આગાહી

# ચાર દિવસ ગાજવીજ સાથે કમોસમી વરસાદની આગાહી

**આગામી ૩ મેથી ૬ મે દરમિયાન રાજ્યના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે**

અમદાવાદ, તા.૩૦

ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે, ત્યારે રાજ્યના અનેક વિસ્તારોમાં ગરમીનો પારો હાઈ જતો જોવા મળી રહ્યો છે. તેવામાં આજે બુધવારે (૩૦ એપ્રિલ, ૨૦૨૫)ના રોજ કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, અમદાવાદ, બોટાદ જિલ્લામાં હીટવેવને લઈને યલો ઍલર્ટ અને રાજકોટમાં ઑરેન્જ ઍલર્ટની આગાહી કરાઈ હતી. જ્યારે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી નોંધાવાની શક્યતા છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૩ મેથી ૬ મે દરમિયાન રાજ્યના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૩ મે, ૨૦૨૫ના રોજ કચ્છ, બનાસકાંઠા અને સાબરકાંઠા અને ૪ મેના રોજ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટા ઉદેપુર, અમરેલી અને ભાવનગર જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી છે. રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે હવામાન વિભાગે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં માવઠાની આગાહી કરી છે. જેમાં ૫ મે, ૨૦૨૫ના રોજ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, ગીર સોમનાથ અમરેલી અને ભાવનગર જિલ્લાના છૂટાછવાયા વિસ્તારોમાં મેઘગર્જના સાથે માવઠાની શક્યતા છે. રાજ્યમાં હીટવેવની આગાહી વચ્ચે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે, ત્યારે ૬ મે, ૨૦૨૫ના રોજ સૌરાષ્ટ્રના રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર અને ઉત્તર-મધ્ય અને દક્ષિણ ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે.

### નેપાળ એવરેસ્ટ પર ચઢાઈના નિયમ કડક બનાવશે

# ૭૦૦૦ મીટરથી વધુ પર્વતારોહણ કરનારને જ પરમિશન મળશે

નવી દિલ્હી,તા.૩૦

વિશ્વના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટ પર હવે કોઈ પણ પર્વતારોહક એમ જ નહીં ચઢી શકશે. નેપાળ સરકારે એક નવો ડ્રાફ્ટ કાયદો રજૂ કર્યો છે જે હેઠળ માત્ર એવા જ પર્વતારોહકો એવરેસ્ટ પર ચઢી શકશે જેમણે અગાઉ ઓછામાં ઓછા ૭,૦૦૦ મીટરથી વધુ પર્વતારોહણ કર્યું હોય. નેપાળની સંસદના ઉપલા ગૃહમાં તાજેતરમાં રજૂ કરાયેલા 'ઈન્ટિગ્રેટેડ ટુરિઝમ બિલ' પ્રમાણે હવે એવરેસ્ટ (૮,૮૪૮.૮૬ મીટર) પર ચઢવા માટે પહેલા પોતાને સાબિત કરવું ફરજિયાત રહેશે. આ બિલમાં ઘણી કડક જોગવાઈઓ છે.

- પર્વતારોહકે ૭૦૦૦ મીટરથી ઉપર ચઢાણનો પુરાવો આપવો પડશે. - દરેક પર્વતારોહકે ચઢાણના એક મહિનાની અંદર સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત તબીબી સંસ્થા તરફથી જારી કરાયેલ તબીબી ફિટનેસ પ્રમાણપત્ર સબમિટ કરવું ફરજિયાત રહેશે. વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતા લોકોને ચઢવાની મંજૂરી આપવામાં આવશે નહીં. - વર્તમાન ૪,૦૦૦ ડોલરનો રિફંડેબલ કચરો ડિપોઝિટ ફી હવે નોન-રિફંડેબલ કચરા ફીમાં બદલાશે- પર્વત પર મૃતદેહોના નિકાલ માટે વીમા યોજનાની પણ જોગવાઈ છે, કારણ કે એક મૃતદેહના નિકાલનો ખર્ચ ૨૦ હજારથી ૨ લાખ ડોલર સુધીનો હોઈ શકે છે.

એક અહેવાલ પ્રમાણે ૨૦૨૪માં અત્યાર સુધીમાં ૪૦૦થી વધુ પર્વતારોહકોને એવરેસ્ટ પર ચઢવાની પરવાનગી મળી છે અને આ સંખ્યા ૫૦૦ સુધી પહોંચવાની ધારણા છે. જોકે આનાથી નેપાળના અર્થતંત્રને ફાયદો થાય છે, પરંતુ તેનું બીજું પાસું એ છે કે વધતી ભીડને કારણે ટ્રાફિક જામની સમસ્યા પણ વધી રહી છે. બીજી તરફ મૃત્યુઆંક વધી રહ્યો છે. ૨૦૨૩માં ૧૭ અને ૨૦૨૪માં ૮ લોકોના મોત થયા હતા. આ ઉપરાંત ગ્લેશિયરનું ઝડપથી પીગળવું, એવરેસ્ટ વિશ્વનો સૌથી ઊંચો કચરાનો ઢગલો બનવાની છબી. તમને જણાવી દઈએ કે ૧૯૫૩માં સર એડમંડ હિલેરી અને શેરપા તેનઝિંગ નોર્ગેએ પહેલી વાર માઉન્ટ એવરેસ્ટ પર સર કર્યો હતો. ત્યારથી લગભગ ૯,૦૦૦ લોકો આ પર્વત પર ચઢી ચૂક્યા છે, પરંતુ ૩૦૦થી વધુ લોકો પોતાનો જીવ પણ ગુમાવી ચૂક્યા છે. હવે નેપાળ સરકાર પર્વતારોહણ ક્ષેત્રમાં સુરક્ષા, જવાબદારી અને પર્યાવરણીય સંતુલન લાવવા માગે છે. નવા કાયદાને આ દિશામાં એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે.

### મંત્રી સત્યેન્દ્ર જૈનની મુશ્કેલીઓ અટકવાનું નામ લઈ રહી નથી

# AAPના બે દિગ્ગજ નેતા નવી મુશ્કેલીમાં ફસાયા, ૨૦૦૦ કરોડના કૌભાંડમાં નામ સંડોવાયું

**દિલ્હીની એન્ટી કરપ્શન બ્રાન્ચે રૂ. ૨૦૦૦ કરોડનું ક્લાસરૂમ કૌભાંડ મામલે આ બંને નેતાઓ વિરૂદ્ધ વધુ એક એફઆઈઆર નોંધી છે**

નવી દિલ્હી,તા.૩૦

દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયા અને પૂર્વ પીડબ્લ્યૂડી મંત્રી સત્યેન્દ્ર જૈનની મુશ્કેલીઓ અટકવાનું નામ લઈ રહી નથી. દિલ્હીની એન્ટી કરપ્શન બ્રાન્ચે રૂ. ૨૦૦૦ કરોડનું ક્લાસરૂમ કૌભાંડ મામલે આ બંને નેતાઓ વિરૂદ્ધ વધુ એક એફઆઈઆર નોંધી છે. આ કૌભાંડમાં અન્ય સરકારી અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર્સની સંડોવણી હોવાની શક્યતાઓ પર તપાસ થઈ રહી હોવાનું એસીબી ચીફ મધુર વર્માએ જણાવ્યું હતું.

કથિત લીકર કૌભાંડ અને મની લોન્ડરિંગના આરોપોનો સામનો કરી રહેલા સિસાદિયા અને જૈન વિરૂદ્ધ શાળાઓના ક્લાસરૂમ બાંધકામમાં રૂ. ૨૦૦૦ કરોડનું કૌભાંડ આચર્યુ હતું. એસીબીએ જણાવ્યા પ્રમાણે, આમ આદમી પાર્ટીએ પોતાની સરકારના કાર્યકાળમાં ૧૨૭૪૮ ક્લાસરૂમ બાંધકામમાં રૂ. ૨૦૦૦ કરોડનું કૌભાંડ આચર્યું હતું. કેજરીવાલની સરકારમાં નાયબ મુખ્યમંત્રી સિસોદિયા શિક્ષણ વિભાગ સંભાળી રહ્યા હતા. જ્યારે જૈન પીડબ્લ્યૂડી (પબ્લિક વર્ક ડિપાર્ટમેન્ટ)નો ચાર્જ સંભાળી રહ્યા હતા.

ક્લાસરૂમના બાંધકામનો કોન્ટ્રાક્ટ ૩૪ કોન્ટ્રાક્ટરને આપવામાં આવ્યો હતો. જે તમામ AAP સાથે જોડાયેલા હતા. ACBએ જણાવ્યું હતું કે, યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના જ એડવાઈઝર અને આર્કિટેક્ટની નિમણૂક કરવામાં આવી હતી. સસ્તી ગુણવત્તાના ક્લાસરૂમ બાંધી ખર્ચ ઉચ્ચ કક્ષાની ગુણવત્તાને સમકક્ષ દર્શાવવામાં આવ્યો હતો. રજૂ કરવામાં આવેલા ટેન્ડરમાં ક્લાસરૂમના બાંધકામનો ખર્ચ રૂ. ૨૪.૮૬ લાખ પ્રતિ રૂમ દર્શાવાયો હતો. જ્યારે દિલ્હીમાં આ પ્રકારના ક્લાસરૂમના બાંધકામનો ખર્ચ રૂ. ૫ લાખ પ્રતિ રૂમ છે.

ભાજપ સાંસદ મનોજ તિવારીએ ૨૦૧૯માં દિલ્હીની ૨૩,૨૪, અને ૨૮ ઝોનની સરકારી શાળાઓમાં ક્લાસરૂમના નિર્માણમાં ગેરરીતિ થઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી.

તેમણે ક્લાસરૂમ દીઠ રૂ. ૨૮ લાખનો ખર્ચ કર્યો હોવાનો દાવો કર્યો હતો. જ્યારે દિલ્હીમાં એક ક્લાસરૂમના બાંધકામનો ખર્ચ રૂ. ૫ લાખ છે. મનીષ સિસોદિયાની ભ્રષ્ટાચારના કેસમાં CBIએ ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ અને EDએ ૯ માર્ચ ૨૦૨૩ના રોજ મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરી હતી. ત્યારથી તેઓ જેલમાં હતા. સિસોદિયાએ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું હતું. લગભગ ૧૭ મહિના સુધી જેલમાં રહ્યા બાદ કોર્ટે જામીન આપ્યા હતાં. સિસોદિયાએ તમામ આરોપોને ફગાવી કેસ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.

### પાકિસ્તાનની નિર્લજ્જતા

# પહલગામ આતંકી હુમલામાંથી TRFનું નામ હટાવ્યું હોવાની કબૂલાત

**પાકિસ્તાને UNSC તરફથી મોકલેલા પ્રસ્તાવમાંથી આતંકી સંગઠનનું નામ દૂર કર્યું હતું UNSCના ૧૦ અસ્થાયી સભ્યો સામેલ છે**

નવી દિલ્હી,તા.૩૦

પહલગામ આતંકવાદી હુમલાની જવાબદારીમાંથી હાથ ઝાટકી દેનારા પાકિસ્તાને પોતાની જ સંસદમાં સ્વીકાર્યુ છે કે, તેણે જ઼ેદ્રજીઝના પ્રસ્તાવમાંથી પહલગામ આતંકવાદી હુમલા માટે જવાબદાર આતંકી જૂથ ઼ઈહ્નનું નામ દૂર કર્યું હતું.

પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી ઈશાક ડારે સંસદમાં કબૂલ્યું હતું કે, મેં જ UNSC (યુનાઈટેડ નેશન્સ ઓફ સિક્યુરિટી કાઉન્સિલ) દ્વારા મોકલવામાં આવેલા પ્રસ્તાવમાંથી પહલગામ આતંકી હુમલા માટે જવાબદાર આતંકી સંગઠન TRF (ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ)નું નામ દૂર કર્યુ હતું. આંતકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાનું આતંકી જૂથ ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટે ૨૨ એપ્રિલે પહલગામ આતંકી હુમલાની જવાબદારી લીધી હતી. પરંતુ બાદમાં અચાનક જ આ જવાબદારીમાંથી હાથ ઝાટક્યા હતાં કે, તેના આ ઘટના સાથે કોઈ લેવાદેવા નથી. ટીઆરએફની પલટીથી જ લોકોએ અંદાજ લગાવ્યો હતો કે, પાકિસ્તાન સરકારના કહેવા પર ટીઆરએફે આ નિવેદન આપ્યું હશે. બાદમાં બીજા દિવસે પાકિસ્તાન સરકારે વિશ્વ સમક્ષ પહલગામ હુમલા મુદ્દે નિષ્પક્ષ તપાસની માગ કરી હતી.

પાકિસ્તાને UNSC તરફથી મોકલેલા પ્રસ્તાવમાંથી આતંકી સંગઠનનું નામ દૂર કર્યું હતું. UNSCના ૧૦ અસ્થાયી સભ્યો સામેલ છે. જે ૨-૨ વર્ષ માટે ચૂંટાય છે. સંસદમાં પાકિસ્તાન વિદેશ મંત્રી ઈશાક ડારે જણાવ્યું હતું કે, UNSC તરફથી પહલગામ હુમલા સાથે જોડાયેલો એક નિંદા પ્રસ્તાવ મોકલવામાં આવ્યો હતો. જેમાં પહલગામનો ઉલ્લેખ હતો, જમ્મુ-કાશ્મીરનો ન હતો. પાકિસ્તાને આ મુદ્દે આપત્તિ વ્યક્ત કરતાં હુમલા માટે જવાબદાર TRFનો ઉલ્લેખ દૂર કર્યો હતો. પાકિસ્તાનને આ પ્રસ્તાવ મંજૂર ન હતો. અમે ફેરફાર કર્યા વિના પ્રસ્તાવ પર હસ્તાક્ષર કરવાનો ઈનકાર કર્યો હતો.

ઈશાક ડારે કહ્યું કે, અમે યુએનમાં અમારા સ્થાયી પ્રતિનિધિને કહ્યું હતું કે, તમે આ પ્રસ્તાવનો વિરોધ કરી પહલગામની સાથે જમ્મુ-કાશ્મીરનું નામ લખાવો, તેમજ ટીઆરએફનું નામ દૂર કરો. ત્યારબાદ અનેક દેશોમાંથી ફોન પણ આવ્યા હતા કે, તમે પ્રસ્તાવમાં કેમ ફેરફાર કરાવવા માગો છો, પરંતુ પાકિસ્તાન અડગ રહ્યું અને પ્રસ્તાવ બદલાવ્યો.

ઈશાક ડારે કહ્યું કે, જો ટીઆરએફ પોતે હુમલામાં સામેલ છે, તો તેની વિરૂદ્ધ શું પુરાવા છે. પુરાવા વિના તેનું નામ પ્રસ્તાવમાં ઉમેરવું યોગ્ય નથી. ટીઆરએફે આ હુમલાની જવાબદારી લીધી નથી. ઉલ્લેખનીય છે, ટીઆરએફે હુમલા બાદ તુરંત જ તેની જવાબદારી લીધી હતી. પરંતુ ત્રણ-ચાર દિવસ બાદ પોતાનું નિવેદન ફેરવી કોઈ લેવા-દેવા ન હોવાનો દાવો કર્યો હતો.

### ૯ મેના રોજ મોસ્કોમાં વિક્ટરી પરેડમાં ભાગ લેશે નહીં

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની આગામી રશિયાની મુલાકાત રદ કરી

**પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ વર્તમાન સુરક્ષા સ્થિતિને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે**

નવીદિલ્હી,તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની આગામી રશિયાની મુલાકાત રદ કરી છે. હવે તે ૯ મેના રોજ મોસ્કોમાં વિક્ટરી પરેડમાં ભાગ લેશે નહીં. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના પ્રેસ સેક્રેટરી દિમિત્રી પેસ્કોવે આ માહિતી આપી હતી.જોકે, રશિયાએ પીએમ મોદીની મોસ્કો મુલાકાત રદ્દ કરવાનું કારણ જણાવ્યું નથી. કહેવામાં આવી રહ્યું છે કે પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ વર્તમાન સુરક્ષા સ્થિતિને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે ભારત તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આવી નથી.

મહત્વનું છે કે, PM મોદીને બીજા વિશ્વયુદ્ધમાં જર્મની પર રશિયાની જીતની ૮૦મી વર્ષગાંઠ નિમિત્તે ૯ મેના રોજ વિજય દિવસની પરેડમાં હાજરી આપવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. તમને જણાવી દઈએ કે જાન્યુઆરી ૧૯૪૫માં સોવિયત સેનાએ જર્મની વિરુદ્ધ આક્રમક કાર્યવાહી શરૂ કરી હતી. ૯ મેના રોજ કમાન્ડર-ઈન-ચીફે જર્મનીના બિનશરતી શરણાગતિના અધિનિયમ પર હસ્તાક્ષર કર્યા, યુદ્ધ સમાપ્ત કર્યું હતું.

### ૧૪ મેના રોજ કાર્યભાર સંભાળશો

# જસ્ટિસ ભૂષણ ગવઈ ભારતના પરમા મુખ્ય ન્યાયાધીશ બનશો

**તેઓ ૨૩ ડિસેમ્બરે ૬૫ વર્ષની ઉંમરે પદ પરથી નિવૃત્ત થશે વર્તમાન મુખ્ય ન્યાયાધીશ ખન્ના પછી તેઓ સુપ્રીમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ છે**

નવીદિલ્હી,તા.૩૦

મંગળવારે જસ્ટિસ ભૂષણ રામકૃષ્ણ ગવઈને ભારતના આગામી મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ ૧૪ મેના રોજ મુખ્ય ન્યાયાધીશ તરીકે કાર્યભાર સંભાળશે. વર્તમાન મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાનો કાર્યકાળ ૧૩ મેના રોજ સમાપ્ત થાય છે.કાયદા મંત્રાલયે એક જાહેરનામું બહાર પાડીને ભારતના પરમા મુખ્ય ન્યાયાધીશ તરીકે જસ્ટિસ ગવઈની નિમણૂકની જાહેરાત કરી હતી.નિયત પ્રક્રિયા મુજબ, ૧૬ એપ્રિલના રોજ, મુખ્ય ન્યાયાધીશ ખન્નાએ કેન્દ્ર સરકારને તેમના નામની ભલામણ કરી. જસ્ટિસ ગવઈનો કાર્યકાળ ૭ મહિનાનો રહેશે અને તેઓ ૨૩ ડિસેમ્બરે ૬૫ વર્ષની ઉંમરે પદ પરથી નિવૃત્ત થશે. વર્તમાન મુખ્ય ન્યાયાધીશ ખન્ના પછી તેઓ સુપ્રીમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ છે.

૨૪ નવેમ્બર, ૧૯૬૦ના રોજ અમરાવતીમાં જન્મેલા જસ્ટિસ ગવઈને ૧૪ નવેમ્બર,૨૦૦૩ના રોજ બોમ્બે હાઈકોર્ટના વધારાના જજ તરીકે બઢતી આપવામાં આવી હતી. તેઓ ૧૨ નવેમ્બર, ૨૦૦૫ ના રોજ હાઈકોર્ટના કાયમી જજ બન્યા હતા. જસ્ટિસ ગવઈ સુપ્રીમ કોર્ટમાં અનેક બંધારણીય બેન્ચનો ભાગ રહ્યા છે જેમણે અનેક મહત્વપૂર્ણ ચુકાદા આપ્યા છે.

# સુખનાથ મંદિર ચોક યુવક મંડળ, ચંદુભાઈ સંઘાણી મિત્ર મંડળ દ્વારા

# અમરેલી ખાતે લોકસાહિત્યકાર માયાભાઈ આહીરનો લોકડાયરો યોજાયો

## શ્રીમદ્ ભાગવત્ સપ્તાહમાં વિવિધ સમાજનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા



સુખનાથ મંદિર ચોક યુવક મંડળ દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહ પ્રથમ દિવસની રાત્રીએ વિવિધ કાર્યક્રમોના આયોજનના અંતર્ગત લોક સાહિત્યકાર માયાભાઈ આહિરનો ભવ્ય લોકડાયરો યોજાયેલ હતો જેમાં ભગવત કાર્ય રસપુર્ણ વર્ણન માયાભાઈ કર્યુ હતું. શ્રીમદ ભાગવત સપ્તાહના બીજા દિવસે ભાગવત આચાર્ય પ.પૂ. કૌશિક દાદાના મુખે મધુર શૈલીમાં રસપૂર્વક કથા વાંચન કરવામાં આવ્યું. આ પ્રસંગે ભાગવત કથા મહાત્મ્ય, સત્સંગના મહિમા અનેજીવનમાં સારા સંકલ્પોનુંમહત્વ સમજાવવામાંઆવ્યું હતું. કથામાં જણાવાયું હતું કે શ્રીમદ ભાગવત એક કલ્પવૃક્ષ સમાન છે જે જીવનમાં જ્ઞાન, વૈરાગ્ય અને ભકિતનો વિકાસ કરે છે. આ દિવસે કપિલ મહારાજના પ્રાગટય મહોત્સવની ઉજવણી પણ કરવામાંઆવી અને રાજા પરીક્ષિતના જન્મ પ્રસંગનું રસપ્રદ વર્ણન શ્રાવકોને ભાવવિભોર કરી ગયું આ પ્રસંગે સમાજના અનેક અગ્રણીઓએ પોતાની ઉપસ્થિતિ નોંધાવી હતી. ખાસ કરીને દિલીપભાઈ સંઘાણી, અનિભાઈ સોજીત્રા, પી.એલ. રાજપરા, જેન્તીભાઈ પાનસુરીયા, જેનાબાપા વઘાસિયા, સાગરભાઈ રાઠોડ, દિનેશભાઈ પોપટ, પ્રાગજીભાઈ કાલરીયા, મનુબાપા રીબડીયા, માવજીભાઈ ગોલ, રામભાઈ સાનેપરા, ધીરૂભાઈ અકબરક, એમ.કે. સાવલિયા, વસંતભાઈ પોકળ, ચતુરભાઈ અરજણભાઈ કોરાટ, ચિરાગભાઈ ગજેરા, વિરલભાઈ કાબરીયા, કાળુભાઈ પાનસુરીયા, બીપીનભાઈ જોશી, ધવલભાઈ સહિત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ અનુષ્ઠાન દ્વારા સમગ્ર વિસ્તારમાં આધ્યાત્મિક ઉર્જાનો અનુભવ થયો છે અને યુવાનોમાં ધાર્મિક ચેતનાનું વિસ્તરણ થયું છે.

પાના ૧ ઉપરનું ચાલું **ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે**

અકસ્માતમાં કાર અડધી ટ્રકની નીચે ઘૂસી ગઈ હતી. અકસ્માતમાં કારમાં સવાર અરજણભાઈ ભોજભાઈ મોરીનું ઘટનાસ્થળે જ મોતનિપજયું હતું. અન્ય ત્રણ મુસાફરો ધર્મેન્દ્રસિંહ કનુભાઈ પરમાર, સંજયસિંહ જોરસન મોરી અને નીતાબેન સંજયસિંહ મોરીને ગંભીર ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે ભાવનગર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

આ તમામ લોકો ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડામાં લગ્ન પ્રસંગમાંથી સિહોર તાલુકાના વડીયા ગામે પરત ફરી રહ્યા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે મૃતદેહ અને કારને બહાર કાઢવા માટે ક્રેનની મદદ લેવી પડી હતી. ઘટના સ્થળે હિંડોરણા બ્રિજ પર બે ટ્રક અને એક મોટું ટ્રેલર પાર્ક કરેલા હતા. બ્રિજની નીચે પણ અનેક ટ્રક–ટ્રેલર અને કન્ટેનર્સ ઊભા હતા. પોલીસે ટ્રક ચાલકની ગંભીર બેદરકારી બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. હાઈવે પર ગેરકાયદે પાર્કિંગ કરતા વાહનચાલકો સામે કડક કાર્યવાહીની માંગ ઊઠી છે.

જો કે જાણવા મળતી વિગત મુજબ આ હિંડોરણાના બ્રિજ પર એક બાજુની સ્ટ્રીટ લાઈટો પણ બંધ છે. ત્યારે અંધારામાં પાર્ક કરેલ વાહનો તેમજ સામેથી આવતા વાહનોની સફેદ લાઈટના કારણે પણ ડ્રાઈવરની આંખો અંજાઈ જવાના લીધે આવી દુર્ઘટનાઓ વધુ બનવા પામે છે. ત્યારે આ બાબતે પોલીસ તેમજ અમરેલી આરટીઓ કડક હાથે કામગીરી કરે તેવી લોક માંગણી ઉઠવા પામેલ છે.

## અવસાન નોંધ

**અમરેલી :** મોટા આંકડીયા નિવાસી ઈન્દુબેન રમણીકલાલ ચાંદરાણી (ઉવ. ૮૫)તે અશ્વીનભાઈ (હસુભાઈ), દિપકભાઈ, સમીરભાઈ રમણીકલાલા ચાંદરાણી તથા શીલાબેન શૈલેષકુમાર મણીયારના માતુશ્રી તથા મોટા લીલીયાવાળા નાનાલાલ હીરજીભાઈ કારીયાના દિકરી તથા ગોકળદાસ, ગીરીશભાઈ, રસીકભાઈ નાનાલાલ કારીયાના બેનનું તા. ૨૮/૪/૨૫ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું, ઉઠામણું તા. ૨/૫/૨૫ને શુક્રવારના રોજ સાંજનાં ૪:૩૦થી૬ પાળાવાળા હનુમાન મંદિર, તળાવ રોડ, મોટા આંકડીયા મુકામે રાખેલ છે. (પિયરપક્ષની સાદડી સાથે રાખેલ છે.)

**ચલાલા :** શ્રી સોરઠીયા શ્રી ગૌડ માળવીય બ્રાહ્મણ મુળ ચલાલા નિવાસી સ્વ. મનસુખલાલ રામશંકર પુરોહિતમાં પુત્ર મહેશકુમાર મનસુખલાલ પુરોહિત (ઉવ.૮૦) તે ગુણવંતરાય રામશંકર પુરોહીતના ભત્રીજા તે તુષારભાઈ ચેતનભાઈ પારૂલબેનના પિતાશ્રી તથા વિપુલ ચંદુલાલ ભટ્ટના સસરા તે દક્ષ, શ્રુતિ, ઋતવ તથા વૃષ્ટિના દાદાજી તે પ્રેમપરા નિવાસી સ્વ. કેશવલાલ સોમનાથ ભટ્ટના જમાય અને પ્રવિણભાઈ ભટ્ટના બનેવીનું અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તેમજ સ્વસુર પક્ષની સાદડી સંયુકત ક્રમે તા. ૩/૫/૨૫ને શનિવાર સાંજે ૪ થી ૬ ભીમનાથ મહાદેવ બસ સ્ટેશન પાસે ચલાલા મુકામે રાખેલ છે.

**બગસરા :** બગસરા નિવાસી રાજેશભાઈ વિનોદરાય દેવમુરારી તેમજ દિલીપભાઈના જમાઈ કૈલાશચંદ્ર શ્યામદાસજી વૈરાગી (ઉ.વ.૩૦) જે હાલ જયનગર રાજસ્થાનનુ તા. ૨૯ ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે જેમનુ બેસણું તા. ૩ ને શનિવારના રોજ નદિપરા અસ્થળની જગ્યા બગસરા ખાતે રાખેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં બાબરા માર્ગ ઉપર**

અને આખું ટેન્કર સળગી ઉઠતા ચાલકનું તેમાં ઘટના સ્થળે કમકમાટીભર્યુ મૃત્યુ થયું હતું ઘટના જાણ થતાં સ્થાનિક અગ્રણીઓ પોલીસ અને નગરપાલિકાની ફાયર ટીમ સ્થળ પર દોડી આવી હતી અને ટ્રાફિક વ્યવસ્થા તેમજ આગ પર કાબુ લેવાની કવાયત હાથ ધરી હતી.

બાબરા પોલીસના પ્રાથમિક રિપોર્ટના જણાવ્યા અનુસાર જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકાના દાંતા ગામે રહેતા ભાવેશભાઈ રવાભાઈ સરસિયા (ઉવ ૨૩) જામનગરમાં કોઈ ડીઝલના ટેન્કરમાં નોકરી કરતો હતો ગત મોડી રાતે તેઓ જામનગરથી ડીઝલ ભરી ટેન્કર નંબર જીજે ૧૨ એ વાય ૮૧૬૭ લઈ અમરેલી કોઈ સ્થળે ખાલી કરવા આવી રહ્યો હતો ત્યારે બાબરામાં અમરેલી માર્ગ પર લુણકી ગામ નજીક ચાલજે સ્ટીયરંગપર પરનો કાબુ ગુમાવતા ડીઝલ ભરેલ ટેન્કર રોડ નીચે ખાળીયામાં પલટી મારી જતા વિકરાળ આગનું સ્વરૂપ લીધું હતુ જેમાં ચાલક પણ ભડથું થયો હતો અને તેનું મૃત્યુ થયું હતું બાબરા પોલીસ દ્વારા મહામહેનતે ટેન્કરની કેબિનમાં ફસાયેલ અને સળગેલ યુવકનાં મૃતદેહને લઈ પી એમ અર્થે બાબરા સિવિલ હોસ્પિટલમાં મોકલી આપેલ.

વહેલી સવારે ૫/૩૦ કે ૬ વાગ્યા ની આસપાસ આ ઘટના બની હોય તેવું પ્રાથમિક દષ્ટિએ પોલીસ દ્વારા જણાવ્યું હતું બાબરા પાલિકાની ફાયર ટિમ દ્વારા ચાર કલાકની જહેમત બાદ આગ કાબુમાં લીધી હતી કારણ કે ડીઝલ ભરેલ ટેન્કર હોવાથી આગ કાબુમાં આવતી નહોતી ઘટના સ્થળે નાગરિક બેંકના ચેરમેન હસુભાઈ પોપટ, પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર અને શહેર ભાજપના મહામંત્રી દોડી ગયા હતા. નાગરિક બેંકના ચેરમેન દ્વારા બાબરા પોલીસ ને જાણ કરવામાં આવતા તાત્કાલિક અસરથી પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને રોડ પર ટ્રાફિક જામની વ્યવસ્થામાં લાગ્યો હતો. બનાવની વધુ તપાસ બાબરા ટાઉન પોલીસ રાજભા વાઘેલા ચલાવી રહ્યા છે.


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 021

**સંકુલ ઈંગ્લીશ મિડીયમ – ઓછી ફી – સારૂ શિક્ષણ**

| | | | |
|---|---|---|---|
| નર્સરી & KG ઈ.મી. | ૬૨૦૦ | ધો. ૧ થી ૫ – ICSE બોર્ડ | ૯૬૦૦ |
| ધો. ૧ થી ૫ – GSEB બોર્ડ | ૮૦૦૦ | ધો. ૬ થી ૮ – ICSE બોર્ડ | ૧૧૬૦૦ |
| ધો. ૬ થી ૮ – GSEB બોર્ડ | ૯૮૦૦ | ધો. ૯ – ૧૦ ICSE બોર્ડ | ૧૩૮૦૦ |
| ધો. ૯ – ૧૦ GSEB બોર્ડ | ૧૧૬૦૦ | હોસ્ટેલ લવાજમ ધો. ૬ થી ૮ | ૨૫૮૦૦ |
| ધો. ૧૧–૧૨ કોમર્સ GSEB | ૧૪૬૦૦ | હોસ્ટેલ લવાજમ ધો. ૯ થી ૧૨ | ૨૬૬૦૦ |
| ધો. ૧૧–૧૨ સાયંસ GSEB | ૨૭૨૦૦ | હોસ્ટેલ લવાજમ FY થી PG | ૨૮૨૦૦ |


## :: પબ્લીક નોટિસ ::

આથી આ જાહેર નોટિસ આપી જાણ કરવાની કે , અમરેલી જિલ્લાનાં બાબરા તાલુકાનાં મોજે **નડાળા** ખેડ ખાતા નં. ૧૩૧, સ.નં. ૩૭૦ (જુનો : ૫૦), હે.આરે.ચો.મી. ૧–૨૯–૫૮ વાળી ખેતીની જમીન શ્રી ખોડાભાઈ પોપટભાઈ ચોપડાનાં કબ્જા વ ભોગવટાની મીલ્કત અમારા અસીલ બિનશરતી અઘાટ વેચાણથી ખરીદવા માંગે છે.

સબબ સદરહું મિલ્કત સામે કોઈપણ વાંધા–તકરાર હોય કે આ મિલ્કતમાં સહકારી/અર્ધસહકારી/સરકારી કે ખાનગી સંસ્થા કે વ્યકિતગત કોઈપણ સ્વરૂપે હક્ક, હિત, હિસ્સો, ગીરો, બોજો, અગ્રહક્ક કે બાનાખત, કબ્જો વિ.હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાનાં દિન–૭ માં સંપુર્ણ આધાર પુરાવા સાથે મારા નીચે દર્શાવેલા સરનામે અમોને લેખિત જાણ કરશો. તેમાં કસૂર થયે સહકારી/અર્ધસહકારી/સરકારી કે ખાનગી સંસ્થા કે વ્યકિતગત કોઈપણ સ્વરૂપે હક્ક, હિત, હિસ્સો, ગીરો, બોજો, અગ્રહક્ક કે બાનાખત, કબ્જો વિ. કે કોઈપણ પ્રકારનો વાંધો નથી અને હોય તો તે જતો (વેઈવ) કરેલ હોવાનું ગણી મારા અસીલ અવેજની રકમ ચૂકવીને વેચાણ દસ્તાવેજ રજી.કરાવી લેશે. ત્યારબાદ મારા અસીલને સુદ્ધ–બુદ્ધીનાં ખરીદનાર તરીકે કોઈપણ વાંધા તકરાર બંધન કર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

.................................

ખોડાભાઈ પોપટભાઈ ચોપડા

( અમારા અસલવતી )

**કીરીટ એલ.પરવાડીયા (એડવોકેટ)**

નાગનાથ કોમ્પ્લેક્ષ, મું. બાબરા, જિ.અમરેલી

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૮૬ | ૧૦૦૨ |
| ૨ | શીંગ મોટી | ૭૦૦ | ૧૦૪૦ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૮૪ |
| ૪ | તલ સફેદ | ૧૦૪૦ | ૨૧૭૦ |
| ૫ | તલ કાળા | ૧૮૭૫ | ૫૧૫૦ |
| ૬ | બાજરો | ૩૫૦ | ૫૩૨ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૬૯૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૮૯ |
| ૯ | ઘઉં લોકવન | ૪૪૧ | ૫૩૪ |
| ૧૦ | ચણા | ૬૯૨ | ૧૦૭૨ |
| ૧૧ | ચણા દેશી | ૧૦૫૮ | ૧૧૦૫ |
| ૧૨ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૮૮ |
| ૧૩ | છોલે ચણા | ૯૦૦ | ૧૬૯૬ |
| ૧૪ | તુવેર | ૮૦૦ | ૧૩૨૧ |
| ૧૫ | વાલ | ૭૦૦ | ૯૩૫ |
| ૧૬ | કપાસ | ૮૦૦ | ૧૫૫૬ |
| ૧૭ | એરંડા | ૯૮૦ | ૧૧૭૫ |
| ૧૮ | જીરૂ | ૨૬૦૦ | ૪૦૩૦ |
| ૧૯ | રાયડો | ૯૬૬ | ૯૯૫ |
| ૨૦ | રાય | ૧૧૧૫ | ૧૧૬૫ |
| ૨૧ | ધાણા | ૧૧૭૫ | ૧૫૭૫ |
| ૨૨ | ધાણી | ૧૧૫૦ | ૧૮૦૦ |
| ૨૩ | અજમા | ૧૭૧૫ | ૧૯૫૦ |
| ૨૪ | મેથી | ૭૦૦ | ૮૫૦ |
| ૨૫ | સોયાબીન | ૭૩૫ | ૮૦૭ |
| ૨૬ | મરચા લાંબા | ૨૦૦ | ૧૬૦૦ |
| ૨૭ | દેશી મરચા | ૨૦૦ | ૧૫૪૦ |
| ૨૮ | કાંગ | ૫૨૮ | ૫૩૦ |
| ૨૯ | સુવાદાણા | ૧૨૩૦ | ૧૨૩૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૬૫ | ૧૩૮૯ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૬૪૫ | ૬૪૫ |
| ૩ | એરંડા | ૧૦૬૯ | ૧૦૬૯ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૩૫ |
| ૨ | ઘઉં લોકવન | ૩૬૦ | ૪૯૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૬૧ | ૪૬૧ |
| ૪ | ચણા | ૮૦૦ | ૧૦૬૪ |
| ૫ | બાજરો | ૪૬૪ | ૪૬૪ |
| ૬ | ધાણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૭ | તલ સફેદ | ૧૫૯૪ | ૧૮૨૨ |
| ૮ | મગફળી | ૮૦૦ | ૯૬૫ |
| ૯ | જુવાર | ૬૩૫ | ૬૩૫ |
| ૧૦ | તુવેર | ૧૦૦૦ | ૧૨૮૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૧૧૦ | ૧૨૨૦ |
| ૧૨ | સોયાબીન | ૫૦૧ | ૫૦૧ |
| ૧૩ | મકાઈ | ૪૪૦ | ૪૪૦ |
| ૧૪ | કાંગ | ૫૮૦ | ૫૮૦ |
| ૧૫ | લસણ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૬ | વટાણા | ૧૧૪૫ | ૧૧૪૫ |
| ૧૭ | ચણા સફેદ | ૮૪૦ | ૧૦૪૪ |
| ૧૮ | એરંડા | ૮૦૦ | ૧૧૩૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૨૬૦ | ૧૫૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૯ | ૫૦૦ |
| ૩ | ચણા | ૯૦૫ | ૧૦૬૨ |
| ૪ | તુવેર | ૧૨૬૫ | ૧૩૩૨ |
| ૫ | ધાણા | ૧૦૧૦ | ૧૨૧૫ |
| ૬ | એરંડા | ૯૨૫ | ૧૧૬૫ |
| ૭ | મેથી | ૮૦૦ | ૮૭૫ |
| ૮ | જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| ૯ | શીંગફાડા | ૧૦૧૧ | ૧૦૭૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૫૧ | ૯૭૦ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૧ | ૧૭૨૬ |
| ૩ | તલ પીળા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૪ | કપાસ | ૧૦૯૧ | ૧૫૧૩ |
| ૫ | બાજરો | ૪૦૬ | ૫૦૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૩૫ | ૫૩૮ |
| ૭ | જુવાર | ૬૦૦ | ૮૨૧ |
| ૮ | અડદ | ૧૦૦૩ | ૧૦૦૩ |
| ૯ | ચણા | ૯૩૦ | ૧૦૬૩ |
| ૧૦ | રાય | ૮૦૦ | ૧૦૦૧ |
| ૧૧ | ધાણા | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૧૨ | મેથી | ૧૦૩૩ | ૧૦૩૩ |
| ૧૩ | સોયાબીન | ૭૭૦ | ૭૯૪ |
| ૧૪ | સુવા | ૭૦૧ | ૭૦૧ |
| ૧૫ | એરંડી | ૯૮૦ | ૧૧૪૨ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૫ | ૧૫૬૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૭૦ | ૧૪૪૦ |
| ૩ | મગફળી | ૯૮૧ | ૧૦૦૯ |
| ૪ | જીરૂ | ૩૮૩૦ | ૪૧૪૦ |
| ૫ | ઘઉં | ૪૬૮ | ૫૧૨ |
| ૬ | ધાણા | ૧૨૬૦ | ૧૪૮૦ |
| ૭ | ચણા | ૧૦૫૮ | ૧૦૮૨ |
| ૮ | એરંડા | ૧૦૫૫ | ૧૧૫૫ |

# બાબરામાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ભગવાન પરશુરામના જન્મોત્સવની સાદગીભરી ઉજવણી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા અહીં ગાયત્રી મંદિર બ્રહ્મસમાજની વાડી ખાતે સાંજે ભૂદેવોના આરાધ્ય ભગવાન પરશુરામના જન્મોસત્વને સાદગીપૂર્ણ રીતે ઉજવણી કરવામાં આવી હતી જમ્મુ કાશ્મીરના પેહલ ગાવમાં જે આતંકવાદી હુમલો થયો તેમાં ૨૬ જેટલા નિર્દોષ હિન્દૂ મૃત્યુ પામતા સમગ્ર દેશમાં રોષ અને શોકની લાગણી પ્રસરી ગઈ હતી અને હજુ બનાવને થોડા દિવસો થયા હતા ત્યારે બાબરા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા જિલ્લા બ્રહ્મસમાજના આદેશના પગલે ભગવાન પરશુરામના જન્મોસત્વને શોભાયાત્રા કે મહાપ્રસાદનું આયોજન બાબરા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા બંધ રાખી માત્ર પૂજન અર્ચન અને મહાઆરતી અને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે અહીં ગાયત્રી મંદિર બ્રહ્મસમાજની વાડીએ સાંજના પાંચ કલાકે તાલુકા બ્રહ્મસમાજના પ્રમુખ હસુભાઈ જોષી અને બ્રહ્મસમાજ અગ્રણી મહેશભાઈ ત્રિવેદીના યજમાન પદે ભગવાન પરશુરામનું પૂજન અર્ચન વિદ્વાન ભૂદેવો જીતુદાદા જોષી, અનિરૂદ્ધ દાદા પાઠક, જગદીશ દાદા ઠાકર અને ઉદય દાદા જાની દ્વારા વિધિ વિધાન સાથે સપન્ન કરાવી હતી ત્યારબાદ અહીં પેહલગાવા જે હિન્દૂ ઓ આતંકવાદી હુમલામાં મૃત્યું પામ્યા તેમના આત્માના કલ્યાણ અર્થે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા દીપ પ્રગટાવી મૃત્યુનજય મહામંત્રનો સામુહિક જાપ કરી મૌન પાળી પ્રાર્થના કરી શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સમસ્ત બ્રહ્મસમાજના અગ્રણી અને પ્રમુખ હસુભાઈ જોષી, નરૂભાઈ ત્રિવેદી, ડો પ્રવીણભાઈ ત્રિવેદી, રાજુભાઈ તેરૈયા, અતુલભાઈ ત્રિવેદી, કિરીટભાઈ ઈન્દ્રોડિયા, અરવિંદભાઈ ત્રિવેદી, કાકુંભાઈ ચાવ સહિત સમસ્ત મહિલા બ્રહ્મસમાજ અને સમસ્ત યુવા બ્રહ્મસમાજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

## અમરેલીનાં પૂર્વ સાસંદ સ્વ. નવિનચંદ્ર રવાણીનાં કાર્યો આજે પણ સૌને પ્રેરણા આપે છે



સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા પંથકની તો આ ધરતી સંત શૂરા દાતાર અને રાજકીય અગ્રણીઓની છે જેમાં સ્વ. લલ્લુભાઈ શેઠ, અમુલખભાઈ ખીમાણી, નવીનચંદ્રભાઈ રવાણી વગેરેનો સમાવેશ થાય છે. આજે લોકશાહી મૂલ્યનું જતન કરનાર ગરીબો અને વંચિતોની વેદનાના પ્રતિનિધિ એવા સ્વ નવીનચંદ્ર રવાણીની હજુ ગઈ કાલે જ ચતુર્થ પુણ્યતિથિ થઈ ત્યારે એમની જીવનગાથાના થોડા અંશો અત્રે પ્રસ્તુત છે. સાવરકુંડલા શહેર સુઈરાઈની વર્ષો સુધી ધૂરાં સંભાળી અમરેલી જિલ્લાના કોંગ્રેસનાં સાસંદ તરીકે પણ અમરેલી જિલ્લાની સેવા કરી. ગુજરાત કોંગ્રેસના એક મોભી સમા અને જેનું રાષ્ટ્રીય કક્ષાએ પણ કોંગ્રેસ પક્ષમાં ખાસ્સું સ્થાન હતું સાવરકુંડલા શહેરમાં ગરીબ અને વંચિતોનાં મસીહા તરીકે જ પંકાતાં માનનીય સાવ નવીનચંદ્રભાઈ રવાણી ગરીબોને મફત પ્લોટ આપી અનેક ગરીબોના છતને છાપરાં પ્રદાન કરેલ જાણે કે એક ભૂદાન યજ્ઞ જેવી સેવાની મહેંક હજુ પણ સમગ્ર સાવરકુંડલાનાં સીમાડે સીમાડે પ્રસરેલી જોવા મળે છે. સાવરકુંડલા શહેરનાં વિકાસ માટેની તેની આગવી દ્રષ્ટિને કારણે જયારે ભર ઉનાળામાં રાજયના અન્ય શહેરોમાં પાણીની કારમી તંગી હોય ત્યારે કુંડલાની ભોંમાંથી પાણી કાઢી સાવરકુંડલાની તરસ છીપાવનારની આજે વણપુરાય ભૂગર્ભ ગટર યોજના બનાવી શહેરને ગંદકી મુકત કરવાનો આગવો અભિગમ અપનાવ્યો હતો અને પરિણામ સ્વરૂપે જ સાવરકુંડલા શહેરમાં મેલેરિયા કે ડેન્ગ્યુની બિમારી પણ નહિવત જોવા મળેલ. કોમી એકતાના સંદેશને હંમેશાં એક સુવર્ણ કુંડલામાં પરિવર્તિત કરવાન મનસૂબો રાખી સાવરકુંડલા શહેરને એક આધુનિક શહેર બનાવવાનું સ્વપ્ન સેવનાર સ્વ. નવીનચંદ્રભાઈ રવાણી આજે આપણી વચ્ચે હયાત નથી પરંતુ તેના સેવાકીય કાર્યો હજુ પણ તેની સેવાકીય સુવાસની પ્રતિત કરાવી રહ્યાં છે. માનવસેવાનાં આ અડગ પ્રહરીને આજે પણ ખૂબ ઉષ્મા સાથે યાદ કરાય છે.

## આજનો ઈતિહાસ

## ગુજરાત જાહેર સેવા આયોગના પ્રથમ અધ્યક્ષ એવા રાઘવજીભાઈ થોભણભાઈ લેઉવા




અમરેલી, તા. ૩૦

રાઘવજીભાઈ થોભણભાઈ લેઉવા (જ.૧ ઓગસ્ટ ૧૯૦૯, અમરેલી) ગુજરાતના નિષ્ઠાવાન રાજકારણી અને ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ, ગરીબ શ્રમજીવી વણકર પરિવારમાં જન્મેલા રાઘવજીભાઈને બાળપણથી અસ્પૃશ્યતાનો અનુભવ થયો. પરંતુ વડોદરા રાજયની ફરજીયાત શિક્ષણની નીતિને કારણે શિક્ષણ મેળવી શકયા. તેજસ્વી વિદ્યાર્થી તરીકે પહેલા નંબરે તેઓ પાસ થતા શાળાજીવનમાં અસ્પૃશયતાના કડવા અનુભવો છતાં સમભાવભરી નીતિ અને હદયની વિશાળતાને કારણે તેઓ સૌનાં મન જીતી લેતા અભ્યાસ દરમિયાન રમાભાઈ રાનડેની આત્મકથાના વાંચને તેમને પ્રભાવિત કર્યા આ તેજસ્વી વિદ્યાર્થીને લોકસેવક ઠકકરબાપાની સહાયથી ગુજરાત કોલેજની વિજ્ઞાન વિદ્યાશાખામાં અભ્યાસ કરવાની તક સાંપડી, ઠકકરબાપા તેમને રાઘવજીના સન્માનપૂર્વકના સંબોધનથી બોલાવતા, જેથી તેઓ ગુજરાતના રાજકીય અને જાહેરજીવનમાં 'રાઘવજી' તરીકે જાણીતા બન્યા. કોલેજના અભ્યાસ દરમિયાન તેમણે આઝાદીની ચળવળમાં ભાગ લીધો. વળી તેમણે ઈતરવાચન પણ વિકસાવ્યું ગાંધી વિચારો જાણ્યા, સમજયા અન આચરણમાં મુકયા બી.એસ.સી. થયા પછી કાયદાનો અભ્યાસ કરવાનો નિર્ણય કર્યો અને મુંબઈની ગવર્નમેન્ટની કોલેજમાં જોડાયા તેઓ કોલેજના આચાર્ય ડો. બાબા સાહેબ આંબેડકરના નિકટના પરિચયમાં આવ્યા અને રાજકીય પ્રવૃતિઓમાં સક્રિય ભાગ લેવાનું શરૂ કર્યુ. તેમણે કાયદાના સ્નાતક બની વડોદરા રાજયના ન્યાયવિભાગમાં પ્રારંભે મેજીસ્ટ્રેટ અને પછી ન્યાયાધીશ તરીકે સેવાઓ આપી. વડોદરા નરેશના પ્રોત્સાહનથી ઈંગ્લેન્ડ જઈ કાયદાશાસ્ત્રનો વધુ અભ્યાસ આરંભ્યો. પરંતુ બીજું વિશ્વયુદ્ધ (૧૯૩૯–૪૫) ફાટી નીકળતાં સ્વદેશ પાછા ફર્યા. ભારત આઝાદ થાય બાદ ૧૯૪૮માં પ્રારંભે વડોદરા રાજયના શિક્ષણ અને પંચાયત ખાતાના પ્રધાન બન્યા. વડોદરા રાજયનું ૧૯૪૯માં મુંબઈ રાજયમાં વિલીનીકરણ થતાં મુંબઈ વિધાનસભાના સભ્ય તરીકે ૧૯૫૨ સુધી કામગીરી બજાવી. સાથેસાથે સામાજીક ઉત્થાન અને અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃતિઓમાં સક્રિય રહ્યા. ૧૯૬૦માં ગુજરાત રાજયની સ્થાપના સમયે મુખ્યપ્રધાન ડો. જીવરાજ મહેતાએ તેમને ગુજરાત જાહેર સેવા આયોગના અધ્યક્ષ તરીકે પસંદ કર્યા ૧૯૬૦ થી ૧૯૬૬ સુધી આ પદ પર રહી તેમણે ઊંચી પરંપરાઓ સાથે પંચનો કાર્યભાર વહન કર્યો. ૧૯૬૭ અને ૧૯૭૨માં ધારી કોડિનાર મતવિસ્તારમાંથી અને ૧૯૭૫માં કરજણ મતવિસ્તારમાંથી વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા. ૧૯૬૭ અને ૧૯૭૨માં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે તેઓ બિનહરીફ ચૂંટાયા હતા. અધ્યક્ષ તરીકે તેમની કામગીરીમાં સંસદીય કાર્યવાહીનું ઊંડું જ્ઞાન, કાર્ય પ્રત્યેની નિષ્ઠા અને અભ્યાસ પ્રગટ થતાં અધ્યક્ષીય કામગીરીમાં તેમજ રોજિંદા જીવનમાં તેઓ શિસ્તના આગ્રહી હતા. ગૃહની કાર્યવાહી અંગે તેઓ ઘેરી નિસબત ધરાવતા હતા.

**લી. કમલેશભાઈ લેઉવા**

## મુંબઈ બોરીવલી શ્રી કપોળ આનંદ મંગળ દ્વારા સ્પર્ધા યોજાતા

## અરે વાહ : અમરેલીનાં સાહિત્યકાર રવજીભાઈ કાચા લિખિત એકાંકી ''મહાપ્રયાણ''ને મુંબઈ ખાતે બેસ્ટ સ્ટોરીનો એવોર્ડ

### જિલ્લા અને સૌરાષ્ટ્ર–ગુજરાતનાં સાહિત્યકારોએ અભિનંદન પાઠવ્યા



અમરેલી, તા. ૩૦

કપોળ આનંદ મંગળ ટ્રસ્ટ, બોરીવલી, મુંબઈ દ્વારા આયોજિત નાટય સ્પર્ધાનું આયોજન તારીખ ૨૫/૪/૨૦૨૫ના રોજ પ્રબોધન ઠાકરે મીની થિયેટર બોરીવલીમાં થયેલ. માત્રને માત્ર ગુજરાતી ભાષા અને સંસ્કૃતિના સંવર્ધન માટેની કાળજી લેનાર આ સંસ્થા પ્રતિવર્ષ નાટય સ્પર્ધા યોજે છે.

ઉપરોક નાટય સ્પર્ધામાં કુલ ૧૫ નાટકો ગુજરાતમાંથી આવેલ. તેમાંથી સંસ્થાએ માત્ર છ નાટકો–એકાંકીઓની પસંદગી કરી જેમાં અમરેલીના સાહિત્યકાર, નાટયકાર, સંપાદક, બાળ સાહિત્યકાર, આજીવન શિક્ષક રવજીભાઈ કાચા લિખિત એકાંકી 'મહાપ્રયાણ' પસંદગી પામેલ. આ નાટકની પ્રસ્તુતિ તથા મંચન ધ્યાનમ પ્રોડકશન રાજકોટના ચેતનભાઈ ટાંક અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું.

તારીખ ૨૫/૪/૨૦૨૫ ના મંગળ પ્રભાતે પ્રબોધન ઠાકરે મીની થિયેટર નાટયપ્રેમીઓથી ખીચોખીચ ભરાઈ ગયેલ. શ્રદ્ધા શ્રીધરાણીના મધુર કંઠે રજૂ થયેલ રંગ દેવતા અને મહા સરસ્વતીની આરાધના બાદ મંગલદીપ પ્રાગટય થયેલ.

પ્રથમ બેઠકમાં ચાર એકાંકીઓ ભજવાયા. ત્યારબાદ દ્વિતીય બેઠકમાં 'મહાપ્રયાણ' એકાંકીની પ્રસ્તુતિ થઈ. આ એકાંકી મહાકવિ કાલિદાસના જીવન – કવન પર આધારિત છે.

સ્પર્ધાને અંતે નિર્ણાયકો દ્વારા નિર્ણય જાહેર કરવામાં આવ્યો. ફિલ્મ, ટીવીના અનુભવી કલાકારો અને સર્જકો ધર્મેશભાઈ અને અજયભાઈએ ઝીણું ઝીણું કાંતી નિર્ણય જાહેર કરેલ. ધર્મેશભાઈ નિર્ણય જાહેર કરે તે પહેલા પોતાના વકતવ્યમાં 'મહાપ્રયાણ' એકાંકીના ભરપેટ વખાણ કરી અને દાદ આપેલ. 'મહાપ્રયાણ' એકાંકીએ પાંચ પાંચ એવોર્ડ પ્રાપ્ત કરી પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી આપી.

૧. બેસ્ટ સ્ટોરી રાઈટર : રવજીભાઈ કાચા – અમરેલી
૨. બેસ્ટ ડાયરેકટર : ચેતનભાઈ ટાંક – રાજકોટ
૩. બેસ્ટ એકટર્સ : ચેતન ટાંક, ભકિત રાજદેવ અને મીનસુ મારૂ
૪. બેસ્ટ મ્યુઝિક : તીષા મહેતા, ગુલશન આહવાન
૫. સમગ્ર સ્પર્ધામાં : દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરે છે.

તદુપરાંત 'મહાપ્રયાણ' એકાંકીએ ઉત્સવ ગ્રુપ રાજકોટની નાટય સ્પર્ધામાં ૨૦૨૧માં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ. ત્યારબાદ કોરોના કાળમાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ તથા રમત ગમત કચેરી ગાંધીનગર દ્વારા આયોજિત નાટ્ય સ્પર્ધામાં તૃતીય સ્થાને રહેલ. ૨૦૨૩માં મહિલા આર્ટસ કોલેજ રાજકોટ દ્વારા યુથ ફેસ્ટિવલમાં 'મહાપ્રયાણ' એકાંકી પ્રથમ સ્થાને રહેલ જેનું દિગ્દર્શન ચેતન ટાંક દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ રાજકોટ મુકામે ધ્યાનમ પ્રોડકશન દ્વારા આ નાટકનો પ્રયોગ યોજવામાં આવેલ. તાજેતરમાં તારીખ ૨૫/૪/૨૦૨૫ના મુંબઈ મુકામે પાંચમો પ્રયોગ પાંચ એવોર્ડ સાથે શ્રેષ્ઠ નાટક તરીકે ઉભરી આવેલ. નાટ્ય પ્રેમીઓએ તથા સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ, રૂપાયતનના ટ્રસ્ટીઓ, આચાર્ય, શિક્ષકોએ 'મહાપ્રયાણ'ની ભૂરી ભૂરી પ્રશંસા કરી 'મહાપ્રયાણ' નાટકના રાઈટર તથા કલાકાર ટીમને હાર્દિક શુભેચ્છા અભિનંદન પાઠવેલ છે.

## સુરત સ્થિત કાબરીયા પરિવાર દ્વારા અમરેલીનાં પટેલ વિદ્યાર્થી આશ્રમને ૨૫ હજારનું અનુદાન

### સંસ્થાનાં સંચાલકોએ આભાર માન્યો



અમરેલી, તા.૩૦

અમરેલીની પ્રાચિન શિક્ષણ સંસ્થા પટેલ વિદ્યાર્થી આશ્રમના શૈક્ષણિક કાર્ય અને પ્રવૃતિથી પ્રભાવિત થઈને સુરત સ્થિત ડાયાભાઈ મનજીભાઈ કાબરીયા પરિવાર તરફથી રૂા.૨૫ હજારનું અનુદાન પ્રાપ્ત થયેલ હોય સંસ્થા પ્રમુખ દિલીપભાઈ સંઘાણી, અશ્વિનભાઈ સાવલીયાએ અનુદાન સ્વિકારી સંસ્થા પ્રત્યેના લગાવ બદલ કાબરીયા પરિવારનો હૃદયપુર્વક આભાર વ્યકત કરેલ છે. તેમ સંસ્થાની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજના માટે ઓનલાઈન અરજી કરો

અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લાના તમામ ખેડૂતોને ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ ઘરઆંગણે સરતાથી મળી રહે તે હેતુસર www.ikhedut. gujarat. gov.in નવીન પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૫–૨૬ માટે વિવિધ સહાય યોજનાઓનો લાભ લેવા માટે આઈ ખેડૂત પોર્ટલ ૨.૦ તા.૨૪/૪/૨૦૨૫થી તા.૧૫/૫/૨૦૨૫ સુધી દિન–૨૨ માટે ખુલ્લું રહેશે. ખેડૂતો ઓનલાઈન અરજી કરી શકાશે. અરજી કરતાં પૂર્વે ખેડૂતોએ નોંધણી કરવી ફરજિયાત છે. તેમજ નોંધણી કરવા માટે મોબાઈલ નંબર નાંખવો ફરજિયાત રહેશે. નોંધણી થયા બાદ વિવિધ યોજનાઓનો લાભ મેળવવા માટે ઓનલાઈન અરજી કરી શકાશે. અરજી કરતી વખતે અરજદારનું પૂરૂં નામ, સ્ત્રી–પુરુષ, જાતિ, જમીન ધારકતા, જમીન ખાતાની વિગતો વગેરે કાળજી પૂર્વક અને સાચી આપવાની રહેશે. ખેડૂતો દ્વારા કરવામાં આવેલી અરજીની વિગતો ચકાસી અગાઉ લાભ લીધેલ છે કે કેમ તેની ચકાસણી કર્યા બાદ તાલુકા કક્ષાએથી અરજીઓની વિગતો ચકાસી પાત્રતા નક્કી કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતો વાળી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ. જેથી અરજી કરતી વખતે કાળજીપૂર્વક વિગતો ભરવા તમામ ખેડૂતમિત્રોને અનુરોધ છે. આઈ ખેડૂત પોર્ટલ પર અરજી મેળવવાની સમય મર્યાદા પૂર્ણ થયા બાદ તમામ પાત્રતા ધરાવતી અરજીઓનો જિલ્લા/તાલુકાએથી ડ્રો કરવામાં આવશે અને અગ્રતા યાદી તૈયાર કરવામાં આવશે. જે મુજબ નાણાકીય જોગવાઈ અને લક્ષ્યાંકની મર્યાદામાં પૂર્વમંજૂરી આપવામાં આવશે. જો કોઈ તબક્કે આપની અરજીની વિગતો ખોટી જણાશે તો અરજી પરત્વે પૂર્વમંજુરી રદ થવાને પાત્ર રહેશે જેની તમામ ખેડૂતોએ નોંધ લેવી. વધુ જાણકારી માટે ખેડૂતો સંબંધિત તાલુકાના/ગામના વિસ્તરણ અધિકારી (ખેતી) અથવા ગ્રામસેવકનો સંપર્ક કરવાનો રહેશે તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.




હવે... બદલાશે સારવારની પરીભાષા

મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત સર્જનની ઓપીડી-અમરેલીમાં
તા.03/૦૫/૨૦૨૫, શનિવાર,સવારે ૧૦:૦૦ થી ૨:૦૦ સુધી
મહીના પહેલા અને ત્રીજા શનિવારે નિયમીત મળશે.

- અકસ્માતને કારણે થતી મગજ,મણકા અને કરોડરજ્જુની ઈજાઓ
- મગજ અને કરોડરજ્જુની ગાંઠોની સારવાર તેમજ સર્જરી (માઈક્રોસ્કોપિક અને એન્ડોસ્કોપિક)
- મણકા, ગાદી અને કરોડરજ્જુની તકલીફો અને માઈક્રોસ્કોપિક સર્જરી (નાનો ચીરો મુકીને)
- જન્મજાત માથામાં પાણીનો ભરાવો અને કરોડરજ્જુની ખોડખાંપણ
- લોહીની નળીના ફુગ્ગાની સારવાર (એન્યુરીઝમ ક્લીપિંગ)
- ટ્રાઈજેમીનલ ન્યૂરાલ્જીયા
- લકવાની સારવાર ( પેરાલિસિસ ) - સ્ટીરિયોટેક્ટિક બાયોપ્સી



ડો.શ્રુત દોશી
(MBBS, MS, DrNB Neurosurgery)

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629


### આધેડ ખેડૂત ખેતીકાર્ય કરતાં હોય તે સમયે

# સાવરકુંડલાનાં ગાધકડા ગામની સીમમાં માનવ કંકાલ મળી આવતાં ચકચાર મચી

અમરેલી, તા. ૩૦

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે રહેતા અને ખેતી કામ કરતાં અરવીંદભાઈ રવજીભાઈ ડાભી નામના પર વર્ષિય ખેડુત આધેડ તા. ર૯ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યાના પહેલા કોઈપણ સમયે ગાધકડા ગામે માળવાળી સીમમાં આવેલ વાડીમાં લોધીડુ નામના નેરડાના કીનારે ચેકડેમમાંથી જે.સી.બી. તથા ટ્રેકટર વડે માટી ઉપાડી પોતાના ખેતરમા પુરાણ કરતા હોઈ. તે દરમિયાન જમીનમાંથી આશરે એકાદ ફુટ ઉંડેથી એક અજાણ્યા માણસનું માનવ કંકાલ મળી આવતા પોલીસને જાણ કરતાં પોલીસ દોડી આવી અમોત દાખલ કરી આ અંગે તપાસ શરૂ કરેલ છે.

આ માનવ કંકાલ કોઈ પુરૂષ ઈસમનું હોય અને જે કંકાલ પર પીળા સફેદ તથા કબુતર કલરના મોટા ચોકડાની ડીઝાઈન વાળો શર્ટ તથા કબુતરી કલરનુ કાળા જેવુ પેન્ટ મળી આવેલ છે. તેમજ શર્ટના ખીસ્સામાંથી એક નાની ચલમ (સાફી) મળી આવેલ છે. તપાસ કરતા તેઓની કોઈ ઓળખ થયેલ ન હોય તેમજ વાલી વારસ મળી આવેલ ન હોય. જેથી જિલ્લાના પોલીસ સ્ટેશનમાં કોઈ ઈસમ ગુમ/અપહરણ થયેલ છે કે? તે દિશામાં પણ તપાસ શરૂ કરેલ છે.

### રાજકોટ ખાતેથી અમરેલી તરફ જતાં વહેલી સવારે બનાવ બન્યો

# અમરેલીનાં બાબરા માર્ગ ઉપર લુણકી ગામ નજીક ડીઝલ ભરેલ ટેન્કર પલ્ટી જતાં ભડભડ સળગી ગયુ

### ટેન્કર ચાલક ભાવેશભાઈ સરસિયાનું કમકમાટી ભર્યુ મોત

બાબરા, તા. ૩૦

બાબરામાં આજે વહેલી સવારે અમરેલી માર્ગ પર લુણકી ગામ નજીક ડીઝલ ભરેલ ટેન્કર કોઈ કારણસોર પલટી જતા ભયાનક આગ લાગી હતી

અનુસંધાન પાના ૬ ઉપર



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

### અમરેલી જિલ્લામાં વાહન અકસ્માતનાં પ્રમાણમાં વધારો

# કુંકાવાવથી અમરાપુર માર્ગ વચ્ચે મહાકાય ટ્રક માર્ગથી નીચે ઉતરી જતાં યુવકનું કમકમાટીભર્યુ મોત

### અન્ય એક યુવકને ઈજા થતાં તેઓને સારવાર અર્થે અમરેલી ખાતે ખસેડાયા

અમરેલી, તા. ૩૦

કુંકાવાવથી અમરાપુર માર્ગ ઉપર પસાર થતાં એક ટ્રક અચાનક માર્ગની નીચે ઉતરી જતાં ટ્રકમાં સવાર એક યુવકનું કમકમાટી ભર્યુ મોત નિપજેલ છે. જયારે અન્ય એક યુવક ઈજાગ્રસ્ત થતાં તેઓને અમરેલી ખાતે સારવારમાં ખસેડવામાં આવેલ છે.

વિગત એવા પ્રકારની છે કે અમરેલીના અરીશભાઈ કટારીયા (ઉ.વ.૨૨) નામનો યુવક ટ્રકમાં પસાર થતાં હોય અચાનક ટ્રક નીચે ઉતરી જતા તે યુવકનું કમકમાટીભર્યુ મોત નિપજેલ છે. જયારે ટ્રકમાં સવાર અન્ય યુવક વિજયભાઈ ઝાફડિયાને ગંભીર ઈજા થતાં કુંકાવાવની ૧૦૮ દ્વારા અમરેલી ખાતે સારવાર માટે ખસેડવામાં આવેલ છે.



### પરિણીત હોવા છતાં બીજા લગ્ન માટે કર્યુ કારસ્તાન

# નાના ભાઈએ મોટાભાઈનાં દાખલામાં છેડછાડ કરીને પુનઃ લગ્ન કરી લીધા

### અમરેલી તાલુકા પોલીસ દ્વારા તપાસ શરૂ કરાઈ

અમરેલી, તા. ૩૦

સાવરકુંડલા તાલુકાના વંડા ગામે રહેતા આરોપી રાજુ ઉર્ફે મેહુલ ધીરૂભાઈ રાઠોડના પ્રથમ લગ્ન પાયલબેન વિનુભાઈ વાઘેલા સાથે થયેલ હોય અને આ પાયલબેન હયાત હોય તેની પાસે ખોટી રીતે પ્રથમ લગ્નના છુટાછેડાનું લખાણ કરાવી લઈ પોતે પરિણીત હોવા છતા ગોંડલ, યોગીનગર અક્ષર મંદિરની સામે રહેતા નરેશભાઈ દલપતભાઈ ભટ્ટ નામના ૪૧ વર્ષિય વેપારીની દિકરી સાથે લગ્ન કરવા માટે આરોપી પોતે અપરિણીત હોવાનું જાહેર કરી, પોતાના મોટા ભાઈના જન્મ તારીખના દાખલામાં છેડછાડ કરી, તેમાં પોતાનું નામ લખી, આ જન્મ તારીખના દાખલાનો પણ વેપારીની દિકરી સાથે લગ્ન કરવામાં ઉપયોગ કરી, લગ્ન કરવા માટેના કાગળો તૈયાર કરાવી તથા નોટરી કરાવી તથા ગોર પાસે લગ્ન કરાવ્યા હોવા અંગેનું ખોટુ પ્રામાણપત્ર મેળવી, તલાટી-કમ-મંત્રી જસવંતગઢ (તા. અમરેલી) પાસે લગ્ન નોંધણી કરાવી લઈ ગુન્હો કર્યા અંગેની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસમાં નોંધાતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.





સરકારશ્રી પ્રેરિત વિવિધ યોજનાઓ હેઠળ અમરેલી શહેરમાં
વિવિધ વિકાસકીય કામગીરીઓનાં અંદાજીત રકમ રૂા.૧૧૯૩.00 લાખ નાં ખાતમુહૂર્ત

અમરેલી શહેરનાં રોકડીયા સરોવરને અમૃત સરોવર બનાવી મીની રીવરફ્રન્ટ તરીકે ડેવલોપમેન્ટ કરવાની કામગીરી. (અંદાજીત રકમ રૂા.૬30.00 લાખ)

અમરેલી શહેરમાં અલગ-અલગ વિસ્તારોમાં ડી.આઈ. પાઈપલાઈન, સી.સી. રોડ, પમ્પહાઉસ રીનોવેશન તથા અંડર ગ્રાઉન્ડ સમ્પની કામગીરી. (અંદાજીત રકમ રૂા.૧૯૪.00 લાખ)

અમરેલી શહેરનાં અલગ-અલગ વિસ્તારોમાં ટોઈલેટ બ્લોક તથા યુરીનીકલ બ્લોકની કામગીરી. (અંદાજીત રકમ રૂા.૧૪૦.00 લાખ)

અમરેલી શહેરનાં કેરીયા રોડ પર ભોજલપરા પ્રાથમિક શાળા પાસે પસાર થતાં એપ્રોચ રોડને આઈકોનીક રોડ ડેવલોપમેન્ટ કરવાની કામગીરી. (અંદાજીત રકમ રૂા.૧૦૪.00 લાખ)

અમરેલી શહેરનાં કૈલાસ મુકિતધામ ખાતે ગેસ આધારીત સ્મશાન ભઠ્ઠી તથા શેડની કામગીરી. (અંદાજીત રકમ રૂા.૧૨૫.00 લાખ)

:: કાર્યક્રમના ઉદ્ઘાટકશ્રી ::
માન. શ્રી કૌશિકભાઈ વેકરીયા
માન. નાયબ મુખ્ય દંડકશ્રી,ગુજરાત સરકાર



તારીખ : ૦૨/૦૫/૨૦૨૫ ને શુક્રવાર
સમય : સવારે ૦૯:૦૦ કલાકે
કાર્યક્રમનું સ્થળ : કેરીયારોડ, કૈલાસ મુકિતધામ, અમરેલી.



:: વિશેષ આમંત્રિત ::

શ્રી ભરતભાઈ સુતરીયા, માન. સંસદસભ્યશ્રી (લોકસભા) અમરેલી
શ્રી પી.પી.સોજીત્રા, માન. પુર્વ ચેરમેનશ્રી અમરેલી માર્કેટિંગયાર્ડ
શ્રી અતુલભાઈ કાનાણી, માન. પ્રમુખશ્રી (જિલ્લા ભાજપ-અમરેલી)
શ્રી મેહુલભાઈ ધોરાજીયા, માન. મહામંત્રીશ્રી (અમરેલી જિલ્લા ભાજપ)
શ્રી વિજયભાઈ ચોટલીયા, માન. પ્રમુખશ્રી (અમરેલી શહેર ભાજપ)

:: નિમંત્રક ::

(બિપીનભાઈ એસ. લીબાણી) પ્રમુખ અમરેલી નગરપાલિકા
(બિનાબેન વી. કાલેણા) ઉપપ્રમુખ અમરેલી નગરપાલિકા
(મનિષભાઈ એચ. ધરજીયા) કારોબારી ચેરમેન અમરેલી નગરપાલિકા
(પ્રતિક કુંભાણી) ચીફ ઓફિસર અમરેલી નગરપાલિકા

અને
અમરેલી નગરપાલિકાનાં સભ્યશ્રીઓ

| | | |
|---|---|---|
| શ્રી ચિરાગભાઈ મનુભાઈ ચાવડા | શ્રી હરેશભાઈ જયંતિભાઈ કાબરીયા | શ્રી ભાનુબેન અશ્વિનભાઈ કાનાણી |
| શ્રી ઉર્મીલાબેન સંજયભાઈ માલવીયા | શ્રી કોમલબેન સંજયભાઈ રામાણી | શ્રી રેખાબેન જેન્તીભાઈ રાણવા |
| શ્રી અફસાનાબેન શાહરૂખભાઈ કુરેશી | શ્રી બિનાબેન સંજયભાઈ વણજારા | શ્રી શિતલબેન વિશાલભાઈ ઠાકર |
| શ્રી અકમભાઈ મહેબુબભાઈ કાઝી | શ્રી સુરેશભાઈ લખુભાઈ શેખવા | શ્રી ખુશ્બુબેન દિગંતભાઈ ભટ્ટ |
| શ્રી તુલસીભાઈ રાઘવભાઈ મકવાણા | શ્રી બ્રિજેશભાઈ પ્રવિણચંદ્ર કુરૂંદલે | શ્રી નિલેશભાઈ દેશાભાઈ ધાધલ |
| શ્રી જયાબેન પ્રવિણભાઈ બારૈયા | શ્રી અમીનભાઈ ભાઈખાનભાઈ હોત | શ્રી રમાબેન નરેશકુમાર મહેતા |
| શ્રી અરૂણાબેન દિલીપભાઈ બામણીયા | શ્રી દિપકભાઈ નાગજીભાઈ બાંભરોલીયા | શ્રી અલ્કાબેન દીનેશભાઈ ગોંડલીયા |
| શ્રી ચિરાગભાઈ ધીરજલાલ ત્રિવેદી | શ્રી પ્રકાશભાઈ પ્રવિણભાઈ લાખાણી | શ્રી માધવીબેન રાજનભાઈ જાની |
| શ્રી શકીલઅહેમદ રફીકરહેમાન સૈયદ | શ્રી મનીષાબેન સંજયભાઈ રામાણી | શ્રી ગિરીશભાઈ રતિભાઈ ત્રાપસીયા |
| શ્રી સંદિપભાઈ ઘનશ્યામભાઈ માંગરોળીયા | શ્રી રેહાનાબેન જુબેરભાઈ નાગાણી | શ્રી કંચનબેન દિપકભાઈ પરમાર |
| શ્રી સેજલબેન પ્રહલાદભાઈ સોંલકી | શ્રી સમીરભાઈ સલીમભાઈ કુરેશી | શ્રી હેતલબેન અશ્વિનભાઈ વાઢેર |
| શ્રી ભારતીબેન અનિલભાઈ રાધનપરા | શ્રી નીતાબેન પ્રકાશભાઈ ભડકણ | શ્રી અશોકભાઈ કેશવભાઈ પાનસુરીયા |
| શ્રી દિલીપભાઈ બાબુભાઈ વાળા | શ્રી ઈકબાલભાઈ અહમદભાઈ બિલખીયા | શ્રી સંગીતાબેન હરેશભાઈ ચાવડા |

તથા અમરેલી નગરપાલિકાનાં તમામ કર્મચારીગણ

શિવશક્તિ ગ્રાફિક્સ - અમરેલી


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)